શ્રી ગણેશાય નમઃ
શ્રી હાટકેશામ્બિકાભ્યામ્ નમઃ

# શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈ


રજિ.ઓ.: એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ, ગ્રાન્ટરોડ (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૦૭.
Website : www.shrivadnagaranagar.org


# નાગર મંજૂષા



## 'ગળથૂથી'થી 'ગંગાજળ' સુધી

વિશેષાંક સપ્ટેમ્બર ૨૦૧૫

FOR PRIVATE CIRCULATION ONLY



# અનુક્રમ


૧. તંત્રી સ્થાનેથી........................................................ ૨

૨. 'ગળથૂથી' થી ગંગાજળ સુધી........................................ ૩

૩. મંગલાષ્ટક.............................................................. ૫

૪. ''નાગર વિધિ-વિધાન''.............................................. ૬

૫. જિંદગીના તાણાવાણા.................................................. ૮

૬. પ્રેમ ત્યાં જ પ્રભુ.......................................................... ૧૧

૭. ધર્મ........................................................................ ૧૩

૮. સર્વવ્યાપી ઈશ્વર.......................................................... ૧૪

૯. ગ્રહશાંતિ.................................................................. ૧૬

૧૦. રીત-રિવાજ (નીતિ-નિયમ)........................................... ૧૮

૧૧. વિહિત અને નિષિદ્ધ પત્ર-પુષ્પ........................................ ૨૧

૧૨. પ્યાલા છિડકે અપને કરમ કા......................................... ૨૪



**નાગર મંજૂષા ટીમ**

**દીના વછરાજાની, સુહાની દીક્ષિત**

**ભદ્રાયુ વૈષ્ણવ, નેહા યાજ્ઞિક**

**વિશેષ આમંત્રિત રેખા અવાસિયા**



# તંત્રી સ્થાનેથી....

આ અંકનો કેન્દ્રવર્તી વિષય 'ગળથૂથી થી ગંગાજળ સુધી' જયારે નકકી કર્યો ત્યારે થોડી અસમંજસ હતી. ગાગરમાં સાગર ભરવા જેવું અઘરું કામ હતું. બાર ગામે જેમ બોલી બદલાય એમ સમગ્ર ભારતવર્ષમાં ફેલાયેલી સંસ્કારી નાગરી નાતના રિવાજો પણ બદલાતા રહ્યા છે. દરેક પ્રાંત-શહેર-ગામે આ રિવાજોમાં થોડાઘણા ફેરફાર હોય છે જ. પરંતુ એ રિવાજોનો મૂળ હેતુ તો સરખો જ હોય છે-આપણા પછીની પેઢીને આપણી સંસ્કૃતિ/ વિચારો/ રિવાજોની ધરોહર સોંપવી જેથી આપણું નાગરત્વ જળવાઈ રહે. આપણી જ્ઞાતિ સુધારાવાદી છે એટલે એમાં જડ રૂઢિઓનો અવકાશ જ નથી. વિષય ઘણો ગહન અને વિસ્તૃત છે - અહીં ફકત એની આછેરી ઝલક જ આપી છે. ધર્મ વિશે અત્યાર સુધી ઘણું લખાઈ ચૂકયું છે, પરંતુ અહીં આ વિષયને એક વિશિષ્ટ દૃષ્ટિકોણથી રજૂ કરવામાં આવ્યો છે જે સાંપ્રત સમયમાં ઉપયોગી સાબિત થઈ શકશે.

અમારા આ નમ્ર પ્રયાસને આપ આવકારશો એની ખાતરી છે.

**નેહા યાજ્ઞિક**

---

## વાચકોને...

**શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ/લેખ/રચના મોકલવા ઈચ્છો છો ? તો...**

૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવી.

૨. કૃતિ મોકલનારે પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી.

૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે.

૪. કૃતિ મોકલવાનું સરનામું :

**સુહાની દીક્ષિત**
સી-૧/૭૦૩, કેસર કો.ઓ. સોસાયટી, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૬૯૨૧૫૦

**દીના વછરાજાની**
બી-હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
ફોન : ૦૨૨-૨૮૬૮૨૨૯૭

---

DISCLAIMER : આ સામાયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.

# 'ગળથૂથી' થી ગંગાજળ સુધી

સ્કંદપુરાણના નાગરખંડ પ્રમાણે નાગરજ્ઞાતિનું અલગ અસ્તિત્વ થયા બાદ નીચેના અડતાલીસ (૪૮) સંસ્કારો જીવનમાં કરવા મુકરર કરેલ છે.

(૧) ગર્ભાધાન, (૨) પુંસવન, (૩) સીમન્તોન્નયન, (૪) વિષ્ણુબલી, (૫) જાતકર્મ, (૬) નામકરણ, (૭) ઉપનિષ્ક્રમણ, (૮) અન્નપ્રાશન, (૯) કર્ણવેધ, (૧૦) ચૌલ, (૧૧) અક્ષરાભ્ય, (૧૨) ઉપનયન, (૧૩) વેદવ્રત, (૧૪) સમાવર્તન, (૧૫) વિવાહ, (૧૬) ઉપાકર્મ, (૧૭) ઉત્સર્જન, (૧૮) હુત, (૧૯) પ્રહુત, (૨૦) આહુત, (૨૧) શુલગદ, (૨૨) વાલીહરણ, (૨૩) પ્રત્વરોહણ, (૨૪) અષ્ટક્રાહોમ, (૨૫) અગ્ન્યાધાન, (૨૬) અગ્નિહોત્ર, (૨૭) દર્શયૌણમાસ, (૨૮) ચાતુર્માસ, (૨૯) આગ્રાણેષ્ઠિ, (૩૦) નિરૂપશુબન્ધ, (૩૧) સૌત્રામણિ, (૩૨) અગ્નિષ્ટોમ, (૩૩) અન્યગ્રિષ્ટોમ, (૩૪) ઉકથ્ય, (૩૫) ષોડશી, (૩૬) વાજપેય, (૩૭) અતિરાત્ર, (૩૮) આત્યોર્યામ, (૩૯) વાનપ્રસ્થ, (૪૦) સંન્યાસ, (૪૧) દયા, (૪૨) અનસૂયા, (૪૩) શૌચ, (૪૪) અનાયાસ, (૪૫) માંગલ્ય, (૪૬) અકાર્પણ્ય, (૪૭) અસ્પૃહા, (૪૮) અંત્યેષ્ટિ

સંસ્કારો માનવીનું જીવન ઘડતર કરે છે આ સંસ્કારો સંજોગો અને સમયબળ અનુસાર પરિવર્તન પામતા રહે છે જે કારણે ઉપરોકત સંસ્કારોમાંથી ઘણા પળાતા નથી અને તેનું સ્થાન નવા સંસ્કારો લે છે.

સમયની ચારણીમાં ચળાઈને જે સંસ્કારો હજી પણ સાબૂત રહ્યા છે એ વિષે આપણે થોડું જાણીએ.

ગર્ભસ્થ શિશુથી શરૂ કરીને જીવનના અંતિમ ચરણો સુધી સંકળાયેલા સંસ્કારોને નીચે પ્રમાણે વિવિધ તબકકાવાર ગણાવી શકાય.

**૧ પંચમાસી:-**

સગર્ભા સ્ત્રીના પાંચમા મહિને નણંદ આ સંસ્કાર દ્વારા ભાભીની અને ગર્ભસ્થ શિશુની રક્ષા માટેની પ્રાર્થના કરે છે. કાળા કપડામાં કોડી, લોઢાની કડી, હનુમાનજીની માળાની નાની પોટલી બનાવી કાળા દોરામાં સીવી ભાભીના જમણા હાથમાં બાંધવામાં આવે છે જે બાળકના જન્મ પછી માતાના ખાટલે બંધાય છે.

**૨ સીમંત :-**

વેદ પ્રમાણે ૬,૭,૮ કે ૯મા મહિને શુભદિન અને શુભમુહૂર્ત જોઈને આ પ્રસંગ ઉજવવામાં આવે છે. ચાંદીની સાંકળીમાં રાખડી બનાવવામાં આવે છે. નણંદ ભાભીને રાખડી બાંધે છે. ત્યારબાદ સારો દિવસ અને ચોઘડિયું જોઈ કાઢી શકાય છે.

**૩ ગળથૂથી :-**

બાળકના જન્મ બાદ ગોળ, સાકર, મધ અને ઘી મેળવી બાળકના તાળવે કોઈ વડીલ સ્ત્રી ચટાડે છે. આ ક્રિયાને ગળથૂથી કહે છે.

**૪ ષષ્ઠી - છઠ્ઠી :-**

બાળકના જન્મના ૬ઠ્ઠા દિવસે આ ક્રિયા કરવામાં આવે છે. પાટલા પર પીપળાનાં પાન અથવા કોરાં પાન પર ઘોડિયું, સૂરજ-ચંદ્ર ચીતરવામાં આવે છે. કોરો કાગળ અને લાલ પેન મૂકવામાં આવે છે. બીજા દિવસ સુધી અખંડ દીવો રાખવામાં આવે છે. આ દિવસે વિધાતા બાળકના લેખ લખવા આવે છે એવું મનાય છે.

**૫ નામકરણઃ-**

જોશી કે બ્રાહ્મણ પાસે રાશિ જોવડાવી અથવા પંચાંગ પ્રમાણે રાશિ જોઈ બાળકનું નામ ફોઈ જાહેર કરે છે.

**૬ અન્નબોટણઃ-**

બાળકના પાંચમા મહિને આ સંસ્કાર બાળકના દાદાને ઘેર થાય છે. ફઈ બાળકને ખીર કે દૂધપાક ચટાડી પહેલી વાર અજીકો કરે છે.

**૭ મુંડનઃ-**

પુત્રના એકી વરસે (૧,૩,૫) કાં તો ઘરમાં અથવા કુળદેવીના મંદિરમાં બાળકના જન્મના વાળ ઉતારવામાં આવે છે પહેલી લટ ફઈ પોતાના ખોળામાં ઝીલે છે.

**૮ ઉપનયનઃ- (યજ્ઞોપવીત)**

પુત્રના એકી નંબરના વરસે (૭,૯,૧૧...) આ સંસ્કાર કરવામાં આવે છે. આ સંસ્કારમાં ગાયત્રી મંત્રની શીખ દ્વારા બાળકમાં તેજસ્વિતાનું પ્રત્યારોપણ કરવામાં આવે છે. સૂતરના તાંતણાની ગાંઠને બ્રહ્મગાંઠ કહેવામાં આવે છે. આ સંસ્કાર પછી જ બાળકને ધર્મક્રિયા કરવાનો અધિકાર મળે છે.

**૯ લગ્નઃ-**

બે આત્માઓનું મિલન એટલે લગ્ન. વર અને કન્યાના સંબંધને બાંધવામાં વડીલો અને સમાજ મુખ્ય ભાગ ભજવે છે. બન્ને પક્ષે એકબીજાની સર્વ સંમતિથી સગપણ જાહેર થાય છે અને અનુકૂળતાએ રાશિ-નક્ષત્ર પ્રમાણે જ્ઞાતિના ગોર શુભ દિન લગ્ન માટે નક્કી કરી આપે છે. વર-કન્યા સમાજ અને અગ્નિની સાક્ષીએ લગ્નગ્રંથિથી જોડાય છે.

**૧૦ અંત્યેષ્ટિઃ-**

મૃત્યુ એ જીવનનો અંત છે તેથી તે પ્રસંગને પણ સંસ્કારોથી નવાજવામાં આવ્યો છે. મૃત્યુ પામેલ વ્યકિતને નવરાવી, ગાયના છાણનો ચોકો કરી, નવાં વસ્ત્રો પહેરાવી, મુખમાં સોનાની કટકી, તુલસીપત્ર મૂકી, ઉપર સ્ત્રી, પુરૂષ, સધવા વિધવા પ્રમાણે કપડું ઓઢાડવામાં આવે છે.

દસમા, અગિયારમા, બારમા અને તેરમા દિવસે પિંડદાનની ક્રિયા થાય છે. અગિયારમા દિવસે પુત્ર કે બહેન તરફથી, બારમા દિવસે પુત્ર કે ભાઈ તરફથી તથા તેરમા દિવસે ઘરમાં બ્રાહ્મણોને જમાડાય છે.

પિતૃશ્રાદ્ધ માટે ગયાજી અને માતૃશ્રાદ્ધ માટે સિધ્ધપુર ઉત્તમ છે.

**૧૧ સૂતકઃ-**

જન્મ અને મરણ બન્ને પ્રસંગે કુટુંબમાં સૂતક રાખવામાં આવે છે. જન્મ સમયે સામાન્ય રીતે ૧૦ દિવસ સૂતક લાગે છે. તેમાં ખાસ કરીને ભગવાનની પૂજા કે દીવો કરવામાં આવતો નથી. આ સૂતકને વૃદ્ધિ સૂતક કહેવાય છે.

મૃત્યુ સૂતક પણ કુટુંબીજનોને, નજીકના સગા સંબંધીઓને તથા સમાન ગોત્ર કે અવટંક ધરાવનાર કુટુંબને ૧૦ દિવસ લાગે છે. પરણેલી બહેન-પુત્રને ત્રણ દિવસ લાગે છે.

ઉપરોકત સંસ્કારો માનવ જીવનના વિવિધ તબકકાઓને લક્ષમાં રાખી નકકી કરવામાં આવ્યા છે. સમય અને સંજોગોમાં થતાં રહેતાં પરિવર્તનોને આવકાર્ય માની સંસ્કારોમાં સગવડ અનુસાર થતા ફેરફારને સ્વીકારવા, જડતાપૂર્વક વળગી ન રહેવું તેમાં જ આપણું ડહાપણ છે.

**રેખા અવાશીયા**

સંદર્ભ પુસ્તક - કચ્છ નાગર જ્ઞાતિ દર્શન
સંપાદક - શ્રી ડી.એચ.અંતાણી
પુસ્તક સંગ્રાહક - શ્રીમતી માલાબેન હાથી



# મંગલાષ્ટક



જેણે તાત કનેથી ભોળપણની દીક્ષા લીધી દોહ્યલી
ને જેને કરુણાની દિવ્ય ઝરણી માતા કનેથી મળી;
જેની કાય વિશાળ આભ ભરતી સંસાર છાઈ રહી
એવા પાર્વતીપુત્ર વિઘ્ન હરીને સાધો સદા મંગલ.

જેણે શ્વેત તરંગના ઉદધિમાં આ શેષશય્યા પરે
સૂતેલા ભગવાનના ચરણમાં સ્થાપ્યું સદા આસન;
જેનો વાસ સદાય ધર્મરતના ગેહે બની શ્રી રહ્યો
એ લક્ષ્મી નિજના કૃપાકર થકી સ્થાપો સદા મંગલ.

વીણા હાથ ધરી અને હૃદયમાં વાત્સલ્ય-ધારા ભરી
હોઠે મંગલ હાસ્યની મધુરતા, આંખે સુધા નિર્ઝરી;
જેવી પિચ્છકલાપની સભરતા ને પદ્મશોભા નરી
હે વાગીશ્વરી એવું નિત્ય વિલસો દાંપત્યનું મંગલ.

જેનું એક પ્રચંડ સ્વપ્ન સહસા સૃષ્ટિ બનીને ઠર્યું,
જોયું નેત્રથી સ્હેજઃ મેઘધનુ ત્યાં આકાશમાં વિસ્તર્યું.
જેના શબ્દથી વાણીનો વિપુલ આ સંસાર મ્હેકી રહ્યો
એ બ્રહ્મા નિજ સૌમ્ય આશિષ દઈ સર્જો સદા મંગલ.

જેની આંખ અડે અને ઉપવને જાગે વસંતી હવા,
જેના હોઠ ખૂલે અને પ્રગટતા સૂરો નવા ને નવા;
જેના સ્નેહથી સ્નિગ્ધ આ જગતમાં શ્રદ્ધા ફળે છે સદા
એ લક્ષ્મીવર પદ્મનાભ અહીંયાં સ્થાપો સદા મંગલ.

જેનાં લોચન સૂર્યચંદ્ર સમ ને જેના મુખે છે સ્મિત,
જેણે આ જગનાં પીધાં વિષ છતાં આંખે ઝર્યાં અમૃત;
જેની કેશજટાથી માર્ગ કરીને વ્હેતી જગે જાહ્નવી,
એવા વિશ્વવિમોહના પશુપતિ સર્જો સદા મંગલ.

જેના મંગલ પાયચિહ્ન હજીયે વૃંદાવને સાંપડે,
જેની વાંસળીના સ્વરો હજીય આ હૈયું ભરીને વહે,
જેનું નીલમ મોરપિચ્છ લઈને રાધા વને નિર્ગમે,
એ વૃંદાવનના વિહારી સ્વરમાં ગુંજો સદા મંગલ.

હે લક્ષ્મી નિજના કૃપાકર થકી સ્થાપો સદા મંગલ.
હે બ્રહ્મા નિજ સૌમ્ય આશિષ દઈ સર્જો સદા મંગલ.
હે વૃંદાવનના વિહારી સ્વરમાં ગુંજો સદા મંગલ.
હે વાગીશ્વરી એવું નિત્ય વિલસો દાંપત્યનું મંગલ.

**-સુરેશ દલાલ**

# " નાગર વિધિ-વિધાન"

આ લેખ લખવાની શરૂઆત કરી ત્યારે મનમાં એક સવાલ ઊઠયો - હિંદુ, ઈસ્લામ, ખ્રિસ્તી વગેરે ધર્મ અસ્તિત્વમાં આવ્યા એ પહેલાંનો મનુષ્ય કયો ધર્મ પાળતો હશે ? આ પ્રશ્ન નિરુત્તર જ રહ્યો. ખેર, આપણે એવું ધારી લઈએ કે ઈશ્વરનું સાકાર સ્વરૂપ પુજાતું થયું એ પહેલાં માનવ પંચતત્વ-જળ, વાયુ, આકાશ, અગ્નિ અને ધરતીનું પૂજન કરતો હતો. આ બધાં જ પ્રકૃતિના નિરાકાર સ્વરૂપ પ્રત્યે મનુષ્ય વિવિધ સ્વરૂપે પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરતો હતો. ધર્મ અને ધાર્મિક રીતિ-રિવાજોનો પ્રચાર-પ્રસાર કયારે થયો હશે? નિરુત્તર. પરંતુ આજના મનુષ્યનું ધર્મ અને રૂઢિઓ પ્રત્યેનું વળગણ ધાર્મિક ઝનૂનમાં રૂપાંતર પામ્યું છે એ વાત નકકી. માણસ અને એના ચારિત્ર્યની ઓળખ હવે એના ધર્મથી થાય છે, નહીં કે કર્મથી.

આપણા પૂર્વજોએ ચાતરેલા નિયમોને આપણે મારી મચડીને 'રિવાજો'નું રૂપકડું નામ આપી દીધું છે. ગુજરાતનો કવિ અખો તેના પ્રસિધ્ધ છપ્પામાં લખે જ છે ને-**'એક મૂરખને એવી ટેવ,પથ્થર એટલા પૂજે દેવ', અને ' તિલક કરતાં ત્રેપન થયાં, જપમાળાનાં નાકા ગયાં, કથા સૂણી સૂણી ફૂટયા કાન, તોય ના લાધ્યું બ્રહ્મજ્ઞાન'**-આ પંકિતઓ ધર્મના નામે દંભી વલણ ધરાવનારાઓ પર જનોઈવઢ ઘા કરે છે. શું પથ્થરની પ્રતિમા ધૂપ-દીપ-પ્રસાદની ભૂખી છે? જો આપણે એક પથ્થરની મૂર્તિને ભગવાન તરીકે સ્થાપિત કરી શકીએ તો એક જીવંત મનુંષ્યને કેમ ભગવાનનું સ્વરૂપ ન સમજાય ? મનુષ્ય સામાજિક પ્રાણી છે. તેણે ટકી રહેવા માટે સમાજના નીતિ નિયમો પાળવા પડે છે. સમાજના બનાવેલા બંધારણને અનુસરવું પડે છે નહીંતર એનું અસ્તિત્વ નામશેષ થતાં વાર નથી લાગતી. આ બધાંને આપણે રિવાજો કહી શકીએ.

માની કૂખમાં નવ-જીવનનો સંચાર થાય ત્યારથી જીવનના અંત સુધી વિવિધ ધાર્મિક ક્રિયાઓ / રિવાજો મહત્વની ભૂમિકા ભજવે છે. રાજા મહારાજાથી માંડીને રાંક માણસ બધા પોતાના ધર્મ-સંસ્કૃતિને અનુરૂપ રિવાજોનું પાલન કરે છે. આપણે અહીં બધા ધર્મના રિવાજોમાં ઝાઝા ઊંડા ન ઊતરતાં ફકત આપણા હિંદુ રિવાજો વિશે થોડી છણાવટ કરીશું-ખાસ કરીને આપણી નાગરી નાતના.

અગાઉ જણાવ્યું છે તેમ આપણી ગુણિયલ અને સુધારાવાદી નાગરી નાત તેના વિશિષ્ટ અને વિવિધ રિવાજોથી અહીં પણ જુદી તરી આવે છે. શિક્ષણ અને કળાથી આભૂષિત નાગરોમાં લગ્ન પ્રસંગે કન્યાને ભૌતિક સાધનોથી નહીં પરંતુ સંસ્કારનો દાયજો આપવામાં આવે છે-આપણામાં સાસરાપક્ષ ફકત 'કંકુ અને કન્યા' નો જ આગ્રહ રાખે છે. અગાઉના સમયમાં કન્યાને ગાડામાં વિદાય કરાતી ત્યારે તેના પિયર ગૃહેથી તેને માટલું આપવાનો રિવાજ હતો-કારણ? આમ માટલામાં પતાસાં કે અન્ય મિઠાઈ મુકીને આપવામાં આવતા જેથી નવોઢાને રસ્તામાં ભૂખ લાગે ત્યારે સંકોચ રાખ્યા વગર સ્વગૃહેથી લાવેલું કંઈક ખાઈ શકે. આને મા માટલું કહેવામાં આવતું. રસ્તામાં તરસ લાગે ત્યારે નવોઢાએ / શરમને કારણે કોઈની પાસે પાણી માંગવું ન પડે. આ તો ફકત એક જ ઉદાહરણ છે-આવા પ્રત્યેક રિવાજ પાછળ એક તાર્કિક વૈજ્ઞાનિક કારણ છુપાયેલું છે જે સમય જતાં વિસરાઈ જવાયું છે અને ફકત જડપણે રૂઢિઓનું આચરણ કરવામાં આવ્યું છે. રિવાજની લાજ રાખવા તો સ્વયં શ્રીકૃષ્ણે વારંવાર નરસૈંયાની વ્હારે આવવું પડયું હતું-નરસૈંયાના પિતાજીનું શ્રાધ્ધ કે પછી કુંવરબાઈનું મામેરું-પ્રભુએ પોતાના અસ્તિત્વનો પુરાવો આપવો જ પડયો હતો.

લગભગ દરેક ધર્મમાં પછી ભલે ને એ

મોહમ્મદ પયગંબર હોય કે ઈસુ ખ્રિસ્ત-દરેકે સમાજની કસોટીમાંથી પસાર થવા આકરી પરીક્ષા આપવી પડી હતી. આજે આ રિવાજ અને સંસ્કાર વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ ગઈ છે.

આપણી જ્ઞાતિનો કોઈ પણ પ્રસંગ સંગીત વિના ઉજવાયો હોય એવું જોયું-સાંભળ્યું નથી. સગર્ભાનો ખોળો ભરાય એનાં ગીત, બાળકનું નામ પાડે એનાં જોડકણાં, લગ્ન નકકી થાય ત્યારથી માંડીને કન્યાવિદાય સુધીના તમામ પ્રસંગોએ ગવાતાં ગીતનો અખૂટ ખજાનો હજી લોક કંઠે સચવાયેલો છે. વળી દરેકે દરેક પ્રસંગે અસ્સલ નાગરી વાનગીઓના રસસ્થાળને શેં ભુલાય? વળી દરેક પ્રસંગે પહેરાતા જુદા જુદા પરિધાન પણ નાગર સ્ત્રી-પુરૂષોની વિશિષ્ટતા છે.

વાત થોડી આડે પાટે ચઢી ગઈ. નાગરોના રીત-રિવાજો વિશે અંકમાં અન્યત્ર લખાયું છે. અહીં મૂળ મુદ્દો હતો માનવધર્મનો. શું નાત-જાત-ધર્મના વાડા ભૂલીને એક વ્યકિત બીજી વ્યકિતના સુખમાં સુખી અને એના દુઃખે દુઃખ ન અનુભવી શકે? આજનો મનુષ્ય ઈશ્વર પર પણ પોતાની સર્વોપરિતા સિધ્ધ કરવામાં માને છે. વિજ્ઞાનનો સહારો લઈ પ્રકૃતિની સામે બાથ ભીડી રહ્યો છે. ઈશ્વરનું અસ્તિત્વ છે એ સાબિત કરવા મથી રહ્યો છે. પરંતુ ઈશ્વર સુધી પહોંચવાના વિકલ્પો વિધિ-વિધાનો એણે છોડયાં નથી.

આ પામર મનુષ્ય હવે સમજે તો સારું.. અને એ માટે એણે `Thank God` કહેવું જ પડશે.

**-સુહાની દીક્ષિત**



# જિંદગીના તાણાવાણા

''એક બાજુથી શબ પસાર થતું હોય અને બીજી બાજુથી સગર્ભા સ્ત્રી પસાર થતી હોય ત્યારે ખબર પડતી નથી કે મરણ સત્ય છે કે જન્મ સત્ય છે... આટલી જ ખબર પડે છે કે સતત વહેતો કાળ એ સનાતન છે ને પરમ સત્ય છે'', સ્વ. કવિ શ્રી સુરેશ દલાલની આ ઉકિત પરથી એક હકીકત ઊભરી આવે છે. ગળથૂથીથી ગંગાજળ સુધીની યાત્રા દરમિયાન માનવી જે કાળમાંથી પસાર થાય છે એ જ સનાતન સત્ય છે.

કાળની સાથે તાણાવાણાની જેમ જિંદગી ગૂંથાયેલી છે. જિંદગી સાથે મરણ છે. આમ જુઓ તો સૂર્યોદય અને સૂર્યાસ્ત છે શું ? સમયની ગતિ છે. ઝેન ફિલસૂફી આ વિધાન પર તો ઘડાઈ છે. કાળ તો અવિરત છે. સમયનું મૃત્યુ આપણી સાથે થાય છે. ''સમય તો કાળનો એક તાત્કાલિક ચહેરો છે.''

માણસને સ્વપ્નો તો હોવાં જોઈએ. સ્વપ્નાં એ તો પ્રગતિનું પ્રેરકબળ છે, અલબત્ત આ બધાં સપનાં આંબી શકીએ તેટલાં અને તેવાં જોઈએ. આ બધાં સપનાંઓને આપણે એક જીવનનું ધ્યેય, જીવવા માટેના એક મકસદમાં રૂપાંતર કરવા આપણા લક્ષ્યને કેન્દ્રમાં રાખી રચનાત્મક ભગીરથ પ્રામાણિક પ્રયત્નો કરવા જોઈએ. આમ ન કરીએ તો સ્વપ્નો શેખચલ્લીનાં સ્વપ્નો થઈ સ્થગિત થઈ જાય.

જીવન અને મરણ વચ્ચે આપણી લાગણીઓ છે, આકાંક્ષાઓ છે ને પ્રધાનપદે આપણી બહુગુણક સતત વધતી જતી ઈચ્છાઓ છે; પરંતુ તે પૂરી કરવા જીવન લઘુજીવી છે. આ મર્યાદાથી પરિચિત હોવા છતાં માણસ પોતાની હયાતીમાં ઓછામાં ઓછા શ્રમે વધુ ને વધુ મેળવવા તેની હડિયાપટ્ટી, હરીફાઈ અને હરણફાળને પરિણામે જીવન તનાવયુકત બને છે. અતીતને આરે આવે છે ત્યારે જીવન કયારે વીતી ગયું તેનો ખ્યાલ ન રહેતાં પશ્ચાત્તાપ કરે છે. મૃત્યુ કારમું બને છે.

ગળથૂથીથી ગંગાજળ સુધીની યાત્રા મંગલમય બને કે ત્રાસદાયક તે તો પોતાના માનસ પર, જીવન પ્રત્યે તેના દૃષ્ટિકોણ-તેના પરિક્ષેપ પર આધાર રાખે છે. સુખ અને દુઃખ એ તો આપણા મનની અવસ્થા છે. જાણીતા ગઝલકાર સ્વ.મરીઝે આ વાત સૂક્ષ્મ રીતે સરળતાથી નીચે આપેલ શેરમાં દર્શાવી છે.

**''મરીઝ એવાય લોકોને ઘણી વેળા દુઃખી જોયા**
**કશી પણ જેમને તકલીફ દુનિયામાં નથી હોતી''**

કેટલાક માણસોને ગુલાબ જેવા ફૂલના છોડના કાંટા જ ખૂંચ્યા કરે છે; જયારે કેટલાક માણસોને આવા કાંટાળા છોડ ગુલાબ જેવું મહેકદાર ફૂલ પણ આપી શકે છે તેનો પરમાનંદ હોય છે.

માનવજીવનમાં અગવડો સાથે સગવડો પણ છે. આ અદ્‌ભૂત જીવનયાત્રામાં અનેક નવા ચહેરાઓનો પરિચય થતાં વિચારવિનિમયનો પ્રવાહ વહેતો થાય છે. ડગલે ને પગલે નવી તકો પણ આવે છે; માત્ર તેને ઓળખીને ઝડપી લેવાની સૂઝ હોવી જોઈએ-મન જાગૃત રાખવું જોઈએ. આથી ફરી એકવાર મરીઝનો આ સત્યને સમજાવતો એક નજાકતભર્યો શેર જોઈએ.

***''જિંદગીમાં છે લ્હાવો કદમ કદમ પર***
***ફકત શરત એટલી કે ગતિમાન રહેવું***
***નવા છે મુસાફર વિસામે વિસામે***
***નવી સગવડો છે ઉતારે ઉતારે.''***

સમાજનાં બે પ્રકારના અલગ અલગ દૃષ્ટિબિંદુ ધરાવતાં બે દૃષ્ટાંતો જોઈએ.

વ્યવસાયે ઉદ્યોગપતિ પરંતુ જીવ સાહિત્યનો એવા મારા એક મિત્ર ગિરગામમાં એક સમયે આવેલા મેજેસ્ટિક સિનેમાગૃહ સામે રહે. નામ મહેન્દ્રભાઈ ભગત. કવિઓ તેઓને ત્યાં અવારનવાર આવે અને મહેન્દ્રભાઈ કવિઓના જ અવાજમાં તેઓનું કાવ્યપઠન કરાવી ટેઈપમાં કંડારી લે. તેઓના પુત્ર દર્શનને તેના અભ્યાસમાં માર્ગદર્શન આપવા અઠવાડિયામાં ત્રણેક દિવસ જતો. તેઓ કેન્સરની મહાવ્યાધિથી પિડાતા હતા. જો કે 'આ દર્દથી તેઓ પિડાતા જ હોય ને' તેવી તેઓના સ્નેહ સંબંધીઓની ધારણા હતી. મહેન્દ્રભાઈને તો પોતાનો આ વ્યાધિ એક રસપ્રદ અભ્યાસનો વિષય થઈ પડયો. આ વ્યાધિના જાણકાર નિષ્ણાતોનાં પુસ્તકો વસાવ્યાં અને આ જ્ઞાન સાથે અત્યંત બૌધ્ધિક વિચારવિનિમય તેમનો ઉપચાર કરતા ડોકટરો સાથે કરતા. પોતાના દર્દનાં રોદણાં રડવાને બદલે જે રીતે તેઓએ આ વાસ્તવિકતા અત્યંત સ્વાભાવિક રીતે સ્વીકારેલી તે જોઈ ડોકટરો દિગ્મૂઢ બન્યા.

એક વખત તેના પુત્રને અભ્યાસ કરાવવા ગયો ત્યારે મહેન્દ્રભાઈએ કહ્યું,'' દિનેશભાઈ, આજે દર્શનને છુટ્ટી આપો. આજે ટી.વી પર એક સરસ કવિ સંમેલનનો કાર્યક્રમ છે તે જોઈએ.'' તેઓની રસપ્રદ ટીકા-ટિપ્પણીઓ સાંભળતાં આનંદથી અમે કવિસંમેલન માણ્યું. તેવામાં તેઓના એક મિત્ર મળવા આવ્યા. તેઓ કહે, ''મહેન્દ્ર, આજે તો સૌથી પહેલાં તારા ઘરની એક ફકકડ ચા પીવી છે ને પછી તારાં ગપ્પાં સાંભળવાં છે.'' મહેન્દ્રભાઈએ મરક મરક હસતાં કહ્યું, '' જો ભાઈ આ મારો વ્યાધિ એવો છે કે જેમાં અવારનવાર ભરતીઓટ આવ્યા કરે છે. હમણાં મારા સ્વાસ્થ્યનો વદ પક્ષ ચાલે છે માટે રસોડામાં જા ફ્રિજમાંથી દૂધની તપેલી કાઢ છાજલી પરથી ચા-ખાંડના ડબ્બાઓ લે ને ચા બનાવ. મારી વહુ હંસા બહાર ગઈ છે નહી તો તને આ તકલીફ ન પડત'' તેના મિત્રે કહ્યું,જો મહેન્દ્ર આના કરતાં તો હું નીચે કોઈ શંકર વિલાસમાં જઈ એક મિનિટમાં ચાની ચુસકી મારી આવું છું આમ કહી તેઓ જતાં મહેન્દ્રભાઈ ખડખડાટ હસતાં મને કહે,''દિનેશભાઈ, આ ભાઈને એમ છે કે એમણે જ આવું કંઈક મને કહ્યું છે... પરંતુ તેને કયાં ખબર છે કે મૃત્યુ પણ આમ જ કહી ગયું છે.'' આ કથનથી હું ખૂબ અસ્વસ્થ થઈ ગયો, પરંતુ મહેન્દ્રભાઈ તદ્દન સ્વસ્થ હતા.

આ પ્રકારના કેન્સરને પરિણામે અમુક ચોક્કસ સમયના ગાળામાં માનવી મૃત્યુ ન પામે તો મૃત્યુ પોતાનો ધર્મ ચૂકી ગયું એમ કહેવાય. આવી દૃઢ માન્યતા અને સમજ હોવાથી તેઓ મૃત્યુને આવકારવા હરહંમેશ તૈયાર હતા. ઈ.સ.૧૯૭૫માં હરકિસનદાસ હોસ્પિટલમાં તેઓની આખરી સાંજ હતી. તેઓને ઓકિસજન અને અન્ય કાર્યો માટે અનેક નળીઓ ખોસી હતી. આ સાંજે તેઓએ ડાંકટરને કહ્યું,'' ડો.ઝાલા,કયાં સુધી તમારી જાતને તમે છેતરશો ? આ બધાં તમારાં દાકતરી ઘરેણાંઓથી મુકત કરો.'' તેમની વાત માની એટલું જ નહીં પરંતુ તેઓને રવીન્દ્ર સંગીત સાંભળવાની પરવાનગી આપી. રવીન્દ્ર સંગીતનાં વિદ્યાર્થી બેન શ્રી પ્રીતિ ભટ્ટે હોસ્પિટલમાં આવી તેમની આખરી ઈચ્છા પૂરી કરી. મૃત્યુ પહેલાં તેઓએ એક પત્ર તેઓનાં પત્નીને આપેલો અને તેઓની સૂચના મુજબ તેઓને યાદ કરવા એકઠા થયેલા સહુને એક-એક ગુલાબ આપવામાં આવ્યું. આ પ્રાર્થનાસભા એવી જોઈ કે જેમાં આંસુભીની આંખો કરતાં આ ભડવીરની પ્રશંસાથી તરબતર એવા અધરોને જોયા.

આ માણસનો તેના જીવન ને મરણ પ્રત્યેનો અભિગમ તો જુઓ ! જેટલું જીવન હતું તે માણ્યું-

પોતે હસતા રહ્યા અને તેઓના આ હાસ્યે મૃત્યુને છોભીલું બનાવ્યું.

ગળથૂથીથી ગંગાજળ સુધીની આવી અલૌકિક જીવનયાત્રા જોઈ. હવે ચાલો તળસી ખેડૂતનું સર્વસાધારણ માણસનું પ્રતિનિધિત્વ કરાવતું એક કાલ્પનિક પાત્ર લઈએ. અડધા એકર જમીનને ખેડી પેટિયું રળતા આ ખેડૂતે નસીબજોગે રાજય સરકારની લોટરી મેળવવા રૂા.૧/-ની લોટરી ટિકિટ લીધી. ઈશ્વરકૃપાથી લોટરી જીતતાં રૂા.૫ લાખ તે કમાયો. તેને લાગ્યું કે વધુ જમીન લઈએ તો વધુ પૈસા મળે. વિચાર અમલમાં મૂકયો અને પૈસા વધુ મળતાં ખેતરમાં પોતાનું ઝૂંપડું હવે જર્જરિત લાગ્યું. ગારમાટી અને ઈંટનું પાકું ખોરડું બનાવ્યું. વધુ પાક ઉતારતાં વધુ કમાણી થઈ ને વધુ ને વધુ જમીન ખરીદતો ગયો. આમ સમૃધ્ધ થવામાં તે અતીતને આરે કયારે આવી ગયો તે તેને ખબર જ ન રહી. વયોવૃધ્ધ ઉંમરે પલંગને શરણે થયો. પલંગની આસપાસ હવે બહાર ટી.પટેલ, એગ્રિકલ્ચરીસ્ટના લગાડેલા બ્રાસ પાટિયાવાળા બંગલાના માલિક તળસી પટેલના બિછાનાની આસપાસ તેના ચાર પુત્રો પોતાના કુટુંબ સાથે હાજર હતા. તેઓના એક પુત્રે પૂછયું,''બાપુજી, તમે શું હતા અને આજે પૈસે સુખી છો છતાંય તમારું મોઢું આવું રડમસ કાં?'' તળસીભાઈ બોલ્યા, ''બેટા, છ મહિના પછી ન્યુર્યોકમાં ફુડ એગ્રિકલ્ચરલ ઓગેનાઈઝેશનની પરિષદ ભરાવાની છે-આમંત્રણ પણ મળ્યું છે. પણ નહીં જવાય'' આ વસવસા સાથે તેઓ મરણ શરણ થયા. રંકમાંથી રાય થવા જીવનયાત્રામાં ભાગદોડ કરી અને અંતે માનસે તો રંકના રંક રહ્યા !

આપણાંમાના ઘણાને સ્વ. મહેન્દ્ર ભગતના આદર્શ જીવનને બદલે તળસી ખેડૂતે આકર્ષ્યા ને તે વલણ અપનાવતાં જીવનયાત્રાનો સરળ સમતલ રસ્તો હાથે કરીને ઊબડખાબડ બનાવ્યો અને દુનિયામાંથી નહીં પરંતુ આત્મીયના માનસપટ પરથી પળભરમાં ભૂંસાઈ ગયા.


આ વિચારધારાનું સમાપન વિદ્વાન શ્રી. ગુણવંતભાઈના અર્થસભર શબ્દોથી કરીએ.

**''પાંદડું ખરી પડે પછી સડે છે**
**પુષ્પ ખરી પડે પછી સડે છે પરંતુ....**
**માણસ સડી જાય પછી ખરે છે**
**આવું શા માટે ?**

**આથી જ હું સડી જાઉં તે પહેલાં જ ખરી પડવા ઈચ્છું છું.''**

...પરંતુ આપણી જીવનયાત્રાનો અભિગમ સ્વ. મહેન્દ્રભાઈ જેવો હોય તો !

**-દિનેશ પ્રાણલાલ બુચ**



# પ્રેમ ત્યાં જ પ્રભુ

**શુદ્ધ બુદ્ધિના પતિ ગણપતિ**
**આવો અમારે ઘેર**
**રિધ્ધિ સિધ્ધિને સાથે લાવજો**
**મંડપે કરજો મહેર...**

ધીમંતભાઈનું ઘર મંગલગાનથી ગુંજી રહ્યું હતું. બારણે તોરણ, આંગણે સાથિયા અને નજીકના થોડા સગાસંબંધીઓના ઉલ્લાસભર્યા કલરવની સાથે સાથે એમના ઘરમાં વૃદ્ધિશ્રાદ્ધની પૂજા ચાલી રહી હતી. ચાર દિવસ પછી એમની લાડલી દીકરી સ્તુતિનાં લગ્ન હતાં. આજે હતો એ પ્રસંગનો-એમની લાડલીના નવજીવન પ્રવેશની વિધિનો શુભ આરંભ. સગાસબંધી-મિત્રો-પડોશીમાં તો આમંત્રણ અપાઈ ગયું હતું. આજે આ વિધિ દ્વારા સર્વ દેવતા અને ખાસ તો સર્વ પિતૃઓને યાદ કરી લગ્નમાં હાજરી આપવાનું અહ્‌વાન અપાતું હતું જેથી એમના આશીર્વાદ થકી દીકરીનું નવજીવન તથા એનું ભાવિ મંગલમય બને અને હવે એમના સૂક્ષ્મ આગમન પછી દુનિયાનું કોઈ વિઘ્ન આ શુભપ્રસંગમાં બાધા ન નાખી શકે. પૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ સાથે વૃદ્ધિશ્રાદ્ધ કર્યા પછી પ્રસાદ, બ્રહ્મભોજન અને પ્રીતિભોજન સાથે દિવસ પૂરો થયો.

હાશ! હવે આપણી લાડલીનાં લગ્નને કોઈ વિઘ્ન નહીં નડે. બસ એ હસતી હસતી સાસરે વિદાય થાય અને એનું જીવન સુખમય બને...

પત્નીને આટલું કહેતાં તો એમની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં અને એ તરત જ મોઢું ફેરવી શયનખંડમાં જતા રહ્યા. થોડી વારે સ્તુતિ એમના શયનખંડમાં આવી અને 'પપ્પા!' કહેતાં એમને વળગી પડી... બંનેની વચમાં સ્પર્શની ભાષા મૌનરૂપે વહેતી રહી. ઘણીવારે માથું ઊંચકી પપ્પાની આંખમાં ઝાંકતાં સ્તુતિ બોલી, 'પપ્પા, મને બહુ ડર લાગે છે. સાસરે બધું બરાબર હશે ને ? હું ત્યાં એકલી તો નહીં પડી જાઉંને ? તમે પછી પણ રહેશોને મારી સાથે ?' કહેતાં કહેતાં એની આંખો આંસુથી છલકાઈ ઊઠી. ધીમંતભાઈ એનાં આંસુઓની આરપાર કશું શોધતા રહ્યા અને નિઃશબ્દ રહી દીકરીને વળગી પડ્યા. જાણે પોતે જ કશો સહારો ન શોધતા હોય !

મનમાં કશોક બોજ અનુભવતા ધીમંતભાઈ નીંદરમાં સરકી ગયા. એમના સપનામાં દિવસભરનાં દ્રશ્યો મનમાં સજાવી રાખેલ દીકરીના લગ્નનાં દ્રશ્યો આવન-જાવન કરતાં રહ્યાં એ બધાની વચમાં અચાનક એમને એક ધુંધળોશો ચહેરો દેખાયો. ધીરે ધીરે એની મુખરેખાઓ સ્પષ્ટ થઈ અરે! આ તો માનો ચહેરો...માના ચહેરા પર અલૌકિક સ્મિત હતું પણ આંખો ? આંખો કેમ ધૂંધળી આંસુભરી છે ? અને એમની ઊંઘ ઊડી ગઈ. એમણે મન મનાવ્યું કે માની હાજરી અનુભવાઈ મતલબ કે કાલની વૃધ્ધિશ્રાધ્ધની પૂજા સફળ થઈ. સર્વ દેવતા અને પિતૃઓ એમને ઘરે પધારી ચૂક્યા છે. હવે એમની લાડલીનો લગ્નપ્રસંગ અને ખાસ તો એનો સંસાર સુખમય જ હશે...પણ માની એ આંસુભરી આંખ ? એમને યાદ આવ્યું અરે! કાલે રાત્રે જોયેલી દીકરીની આંખો પણ આવી જ હતી. એમની સ્મૃતિમાંથી કશુંક બહાર આવવા ધસમસતું હતું...

ના, ના ! આવી આંખો તો એમણે વર્ષો પહેલાં પણ જોઈ હતી. કોની ? ઓહ ! અને એમને યાદ આવી એમની નાની બ્હેન સુધા.

સુધા એમનાથી દસ વર્ષે નાની લાડકી એવી આ ઘરની શોભા...લગ્ન કરી એ આ જ ગામમાં રહેતી હતી. સુખી હતી. અચાનક એના પતિને ધંધામાં ખોટ જતાં એમને ઘરબાર સર્વ વેચવાનો વખત આવી ગયો. આમ તો એ ટેકીલી એટલે કોઈ પાસે હાથ ન લંબાવ્યો પણ ઘર વેંચતાં હવે કયાં રહેવું એ પ્રશ્ન હતો. એને યાદ આવ્યું મોટું એવું બાપીકું ઘર

જયાં હવે ભાઈ-ભાભી રહેતાં હતાં..એણે ભાઈને થોડો વખત આશરો આપવા વિનંતી કરી. બહેન હમણાં રહેવા આવશે અને પછી ભાગ માગશે એમ કહેતી ભાભીની શેહમાં આવી ગયેલા ભાઈએ કોઈ જવાબ ન વાળ્યો. એમના મૌનમાં જ સુધાને જવાબ મળી ગયો. આંસુભરી આંખે ભાઈને તાકતાં એણે આ ઘર, આ શહેર સર્વ છોડી એક નાના ગામમાં નાનું એવું ઘર લઈ આશરો લીધો. એ દિવસ અને આજની ઘડી બહેન ભાઈ વચ્ચે સંબંધનો કોઈ સેતુ ન રહ્યો. હવે આટલાં વર્ષે, આવી રીતે બેનની યાદ આવતાં જ એ દિવસે બહેનની આંખમાં થંભી ગયેલ અશ્રુ આજે ધીમંતભાઈની આંખે વહેતાં લાગ્યાં...

થોડીવારે આખું ઘર જાગ્યું. આજે તો લગ્નની ઘણી તૈયારી કરવાની હતી. બહારગામના મહેમાન પણ આવવા માંડયા પણ ધીમંતભાઈ કયાં ? સૌ ઉચક જીવે એમને શોધતા રહ્યાં ત્યાં તો એમનો ફોન આવ્યો કે લગ્ન પહેલાં પતાવવાના એક અગત્યના કામે બહાર જવું પડયું છે. સાંજ સુધીમાં આવી જશે.

સાંજે ઘરમાં ધમાલ ચાલી રહી હતી. મહિલાવૃંદ ઉલ્લાસભર્યા સ્વરે ગાઈ રહ્યું હતું

**ભાંગતો પહોર કંઈક બોલે છે બોલ**
**કયાંક વાગે છે ઢોલ...**
**ઝીણી ઘોડી ને એનો ઝીણો અસવાર**
**કહે દરવાજો ખોલ...**

એવામાં ધીમંતભાઈ ઘરમાં પ્રવેશ્યા. એમની પાછળ જ બેગ લઈને ઊભી હતી સુધા. એને જોઈ એક મિનિટ સૌ સ્તબ્ધ થઈ ગયાં ત્યાંજ ખૂણામાંથી કોઈ એ અધૂરા સૂર પૂરા કર્યા...

**આંગળીએ વળગેલાં સંભાર્યા બાળપણાં,**
**પોઢેલાં હાલરડાં જાગ્યાં;**
**દાદાના આંગણમાં કોળેલા આંબાનું**
**કૂણેરું તોડયું રે પાન...**

ધીમંતભાઈ ધીમે પગલે દીકરી પાસે ગયા અને એને માથે હાથ મૂકી એના ગઈકાલે પુછાયેલા પ્રશ્નોના જવાબ આપતા હોય એમ બોલ્યા,

''બેટા તારું જીવન મંગલમય હશે. અને તારી ચેતના અન્ય ઘર સુધી ભલે વિસ્તરે પણ તારાં અહીં રહેલાં મૂળિયાં સલામત રહેશે તું એકલી નહીં પડે એવો હવે મને પૂર્ણ વિશ્વાસ છે.''

એમના વણઉચ્ચારાયેલા શબ્દો જાણે કહેતા હતા કે ગત જનો તમારા પર ત્યારે જ આશીર્વાદ વરસાવે જયારે જીવતા સ્વજનોને તમે સ્નેહ-સાથ આપો અને પછી તો પ્રેમ ત્યાં જ પ્રભુ હાજર જ હોય...

**દીના વછરાજાની**

# ધર્મ

આપણો દેશ ધર્મપ્રધાન છે. સવાલ આપણા મનમાં પહાડ જેવડો ઉદ્ભવે છે ધર્મ એટલે શું ? આપણે સરળ અર્થ કરીએ તો ધારયતિ ઈતિ ધર્મઃ। 'પાંડવગીતા' કહે છે કે ''ધર્મો વિવર્ધતિ યુધિષ્ઠિર કીર્તનેન. યુધિષ્ઠિર 'ધર્મરાજ' કહેવાતા છતાં પણ જીવનમાં એકવાર એક વાકય ધર્મ છોડીને બોલાઈ ગયું ''નરો વા કુંજરો વા'' જોકે આની નોંધ ચિત્રગુપ્તના ચોપડામાં લખાણી નહિં હોય, કારણ મહાપ્રસ્થાન વખતે બધાં કુટુંબીજનો એક પછી એક ઢળી પડયાં. માત્ર ધર્મરાજ અને તેનો કૂતરો સદેહે સ્વર્ગમાં પહોંચ્યા. આ ધર્મની ગતિ ઘણીજ તીવ્ર છે. ધર્મસ્ય ત્વરિતા ગતિ, એવું આપણાં શાસ્ત્રો કહે છે. ધર્મનાં કેટકેટલાં પાસાં છે.

ગીતામાં કહ્યું છેઃ ''સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ'' આપણો ધર્મ કદાચ કઠિન લાગતો હોય તો પણ આપણે તેને છોડીને બીજાનો ધર્મ ગ્રહણ કરવો તે અનુચિત છે, બીજાનો મહેલ જોઈને આપણી ઝુંપડીને થોડી તોડી શકાય છે ! કડવો લીમડો કોઈએ ઉપચાર માટે કહ્યો હોય તો પણ લેવાથી ફાયદો થતો હોય તો લેવો જ જોઈએ. પરધર્મ સ્વીકારવાથી આપણે મોક્ષસુખથી વંચિત રહીએ છીએ. ધર્મ તો આપણો પરલોકનો મિત્ર છે પ્રત્યેક ધર્મ ખ્રિસ્તી, ઈસાઈ, પારસી, જૈન, ઈસ્લામ કે હિંદુ ધર્મ હોય પરંતુ બધા જ જુદે જુદે રસ્તેથી એક જ નિશ્ચિત સ્થાને પહોંચે છે.

પુરાણકાળમાં કર્મકાંડમાં લોકોને અખૂટ શ્રદ્ધા હતી વખત જતાં તેમાં ઓટ જરૂર આવી છે. હજુ પણ આપણે જોઈએ છીએ કે ધર્મ ચર્ચમાં, મોક્ષમાં, મંદિરોમાં આંટા મારતો જણાય છે, એ પુરાણો ધર્મ આજે દૂર-સુદૂર રહેલ એક નાનો કણ ચોંટેલો હોય તેમ જણાય છે. વ્યાસની સમયની આવરદા ભલે આગળ વધી જ નથી ઊલટું વધારે ને વધારે શંકા-કુશંકાનાં વાદળોથી ઘેરાયેલ છે. આપણું કર્તવ્ય સાચો ધર્મ જે પુરાણોને ગમેલો તે શોધવાનો છે.

આજે દુનિયાભરમાં અધર્મની ભરતી આવી છે. બળાત્કાર, અત્યાચાર, ખુનામરકીનો સર્વત્ર મોટો જુવાળ આવેલ છે. ભગવાન કહે છે તેમ ધર્મ પુનઃસ્થાપના કરવા જન્મ તેમણે લેવો જ પડશે. કહે છે કે કલ્કિ અવતાર જન્મી ચૂકેલ છે. ભગવાન ધર્મસ્વરૂપ છે જ. ધર્મનું રહસ્ય પણ પ્રગટ કરે છે. ધર્મનુ સાચું સ્વરૂપ કર્મકાંડ અને સંકુચિતતામાં બંધાઈ જાય ત્યારે ભગવાન તેને સત્ધર્મમાં પ્રગટ કરે છે.

ધર્મ પશુઓ માટે નથી. ભેંશ, સિંહ, વાઘ માટે નથી. મનુષ્ય કે જે પોતાના જીવનમાં સંતુષ્ટ છે છતાં અશાંત છે. ધર્મ તેને તેનું મન,બુદ્ધિ આ જગતનાં મહાકાર્યો સમજવા તથા તેમાં તેનું સ્થાન કયાં છે તે બતાવે છે. ધનવાન લોકો માને છે કે ધર્મ એ પૈસાદારનો ઈજારો છે.

ધર્મનો અર્થ પાર્થસારથિએ આ પ્રમાણે કર્યો છે. લેટિનમાં 'રિ' એટલે ફરી પાછું અને 'લિગારે' એટલે બાંધવું અથવા જોડવું 'રિલિજિયન' એટલે મનુષ્યને પોતાના ઉત્પત્તિસ્થાન સાથે ફરી જોડવો. પોતાના પરમ આત્મા(સુપ્રીમ સેલ્ફ) સાથે ધર્મ આપણું સ્વત્વ જે ખોવાઈ ગયું છે તેને ફરીથી તમારી સાથે જોડીને આત્મસાક્ષાત્કાર કરાવે છે.

મેડિકલ સાયન્સમાં ધર્મનું શું સ્થાન છે તે જોઈએ. કોઈ પણ વિદ્યાર્થી ડોકટર થાય ત્યારે તેને ''કસમ'' લેવો પડે છે કે પોતાના દર્દીઓ માટે બનતું કરી છૂટશે પોતાના અંગત લાભ માટે નહીં. આ કાયદો અમલમાં આવ્યો તે પહેલાં અથર્વ વેદ, ચરક અને સુશ્રુત વગેરેની માન્યતા એવી હતી કે ડોકટરે પોતાના પ્રત્યેક દર્દીને સમાન ભાવે ગરીબ-તવંગરનો ભેદ રાખ્યા વગર તપાસવાના.

ટૂંકમાં સુમદ્રમાંથી નીકળતું મોજું પોતાના અહમ્‌ને લીધે પોતાનું સ્વતંત્ર અસ્તિવ સમજે છે પણ છેવટે સમુદ્રમાં જ ભળી જાય છે. ધર્મ અહમ્‌ને ઓગાળવાનું કામ કરે છે અને મનુષ્યને એ દેવી સ્વરૂપ તરફ લઈ જાય છે.

આખરે મારા મત પ્રમાણે ધર્મ એટલે ઊગતા સૂરજનું અજવાળું અને આથમતા સુરજનો વિસામો.

**હેમાંગીની જોષીપુરા**

# સર્વવ્યાપી ઈશ્વર

ઈશ્વર શું છે અને કયાં છે ? કોઈ પણ કદાપિ તેનું સંપૂર્ણ વર્ણન કરી શકયા નથી. પરંતુ જેઓએ તેની ઉપસ્થિતિના દિવ્ય અમૃતનો સ્વાદ ચાખ્યો છે, તેઓ જયારે તેની સાથે એકાત્મતાનો અનુભવ કરે છે ત્યારે તેને થયેલ અનુભવો અંગે કંઈક અંશે જરૂર કહી શકે છે. આવા અનંતના રૂપનું આપણા ધાર્મિક ગ્રંથો વર્ણન કરે છે. આ અનંત સ્વરૂપનું એક શાસ્ત્રોક્ત વર્ણન છે કે ઈશ્વર સત્-ચિત-આનંદ સ્વરૂપ છે. સદાય જીવંત સદાય ચેતન સ્વરૂપ તથા સદાય નૂતન એવું પરમ સુખ છે. સદાય જીવંત અર્થાત હંમેશ તેના અનંત અસ્તિત્વથી સભાન અને સદાય નૂતન એવું પરમ સુખ અર્થાત્ તે એવો પરમાનંદ છે કે જે કદાપિ નીરસ થતો નથી.

ઉપનિષદો ધોષણા કરે છે કે આ નામ અને આકાર સદાય બદલાતી દુનિયામાં 'અટલ' અને 'અનંત' છે તે અનુભવાતીત સત્ય છે. જેને 'બ્રહ્મ' કહેવામાં આવે છે; જે સર્વ જીવોની આંતરિક દિવ્યતા છે. 'બ્રહ્મ' અનંત અને પ્રગટ હોઈ, તે ઈન્દ્રિયોની સમજથી પર છે. તેથી 'બ્રહ્મા' જેને કોઈ જાતિના ભેદ નથી તેવા ઈશ્વરના સમષ્ટિગત પાસાનું પ્રતિનિધિત્વ કરે છે. જુદાં જુદાં ઈશ્વરીય સ્વરૂપોને અલગ અલગ નામોથી ઓળખવામાં આવે છે; સર્જનહાર (બ્રહ્મા) પાલનહાર (વિષ્ણુ) તથા સંહારક (શિવ). ઈશ્વરનાં અનંત સ્વરૂપો હોઈ તેને જુદા જુદા માર્ગે અને ઘણાંબધાં સ્વરૂપોથી ભજી શકાય છે.

માનવીના આદર્શો અને આધ્યાત્મિક ક્ષમતાને અનુરૂપ દિવ્યતા તરફ આગળ વધવાનો અભિગમ હિંદુ ધર્મ રજૂ કરે છે. કોઈ પણ વ્યકિત ઈશ્વર પ્રત્યેનો પ્રેમ પિતા, માતા, બાળક, મિત્ર અને પ્રેમી તરીકે વ્યકત કરી શકે છે. શ્રી. રામકૃષ્ણ પરમહંસે 'મા' ના સ્વરૂપમાં જ ઈશ્વરનું દર્શન કરીને પરમાનંદની અનુભૂતિ કરી હતી. શ્રીમદ્ ભગવદગીતામાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે '' જે મને જે રીતે ભજશે તેને હું તે રીતે પ્રાપ્ત થઈશ. ભકિતના તમામ પ્રકારો મને મેળવવા તરફ જ લઈ જાય છે. આથી હિંદુઓનો ઈશ્વર વિશેનો ખ્યાલ એ છે કે તેઓ સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત છે. જાતિ કે અવતારને લક્ષમાં લીધા સિવાય ભકતને મન ઈશ્વર તો પવિત્રતા-શુચિતા અને સર્વવ્યાપકતાનું જ સૂચન કરે છે. કારણ કે આખરે તો ઈશ્વર એક એવું સત્ય છે જે વર્ણનથી પર છે.

મુસલમાનો 'અલ્લાહ'માં માને છે જે એક અને માત્ર એક જ ઈશ્વર છે, જેને કોઈ જાતિ નથી, કુરાન કહે છે કે,''કહો તે અલ્લાહ છે એક અને માત્ર એક જ અલ્લાહ છે; અનંત સ્વયં સંપૂર્ણ છે, એ મેળવતો કે નથી એ મેળવાતો અને તેના જેવો અન્ય કોઈ છે જ નહિ''. 'અલ્લહ' શબ્દ અરેબિક છે. તેને કોઈ જાતિ નથી કે નથી એનું કોઈ બહુવચન.

ઈશ્વર ગમે તે દિવ્ય સદ્‌ગુણોથી પ્રગટ થઈ શકે છે. પણ તે કોઈ સ્પષ્ટ ખ્યાલમાં મર્યાદિત સ્વરૂપમાં કહી શકાય નહી. તે 'સર્વ વિચારો' ના સ્વરૂપમાં છે, તે આ વિશ્વની તમામ વસ્તુની અંદર છે અને તેનામાં તમામ વસ્તુ સમાયેલી છે. જ્યાં ક્યાંય પણ આપણે હોઈએ ત્યાં ત્યાં સર્વ સમય એ આપણી સંભાળ રાખે છે. તેનું જ્ઞાન કૌશલ્ય આપણને માર્ગદર્શન આપે છે, તેની શકિત આપણને ટકાવી રાખે છે.


આપણે આપણા રોજિંદા જીવનમાં તેની હાજરીનો અનુભવ કરીએ છીએ કારણ કે તે સર્વવ્યાપક છે. ઈશ્વર આપણામાં રહેલી ભયની ભાવનાઓ કરતાં મહાન છે. પણ આપણે તેનામાં રહેલા પ્રેમને માનતાં શીખવું જોઈએ અને તેની સાથે આપણા હદયથી ખરા આત્માથી મનથી તથા શકિતથી તેની સાથે પ્રેમ કરીને તેનામાં સંપૂર્ણપણે એકાકાર થઈ જવું જોઈએ.ઈશ્વર હંમેશા આપણી સાથે જ હોય છે, પણ આપણે તેની ઉપસ્થિતિની અનુભૂતિ કરી શકીએ તે માટે પ્રથમથી જ આપણે

પૂરી આત્મીયતાથી તેની સાથે રહેવું જોઈએ. આપણી ધીરજનો પાયો છે ઈશ્વર ઉપરની સંપૂર્ણ શ્રધ્ધા. આ એ શ્રધ્ધા છે જે આપણને દરેક દરેક સંજોગોના સ્વામી બનાવે છે. તેના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે આપણે તેની પાસે માગીએ તે પહેલાં જ ઈશ્વરને તો એની જાણ જ હોય છે કે આપણી શી જરૂરિયાતો છે ? અને આપણે તેની પ્રત્યક્ષ હાજરી અને શકિતનો સાક્ષાત્કાર કરી શકીએ એ જ વધારે મહત્વનું છે. આપણે બધાં ઈશ્વરનું જીવંત મંદિર છીએ. પરમહંસ યોગાનંદે કહયું છે કે, ઈશ્વર એ આપણા જીવનની મોટામાં મોટી જરૂરિયાત છે. પ્રાર્થના અને ઊંડા ધ્યાન દ્વારા ઈશ્વરની પ્રત્યક્ષ હાજરીનો રોજિંદા જીવનમાં અનુભવ કરવાનો અભ્યાસ કરો, એ આપણને તેના રાજયમાં લઈ જશે. મહાત્મા ગાંધી અઠવાડિયામાં એક દિવસ 'મૌન' અને 'ધ્યાન' માટે ફાળવતા હતા. જે જે સંતોએ ઈશ્વરને મેળવ્યા છે તેઓએ 'મૌનની સાધના કરી હતી. 'મૌન' એ ઈશ્વરની યજ્ઞવેદી છે. તમામ દુન્યવી ફરજો ઈશ્વરનો વિચાર સાથે રાખીને જ બજાવો, ઈશ્વર માટે તમારા હદયના દરવાજા રાત્રે અને દિવસે સંપૂર્ણપણે ખુલ્લા મૂકી દો; અને ફકત તેના માટેના વિચારો કરો. બધી ફરજો ઈશ્વરને અર્ઘ્ય અર્પણ કરતા હોઈએ એ પ્રકારે બજાવો.

આપણે જયારે પ્રયત્નો કરીએ ત્યારે ઈશ્વર જરૂર તેનો હકારાત્મક પ્રતિભાવ આપે છે. તેથી ત્યારે તમને જ્ઞાન થાય છે કે તેનું અસ્તિત્વ છે અને હવે જરાપણ દંતકથા નથી. તે આપણી ઈચ્છાઓનો અદ્રશ્ય રીતે જવાબ આપશે. શરૂઆતમાં તો તે આપણી સાથે સંતાકૂકડી રમશે અને પછી તે આપણી સામે પ્રત્યક્ષ સ્વરૂપે પધારશે. આપણે આપણા જીવનમાં ઉત્તમ કાર્યો કરીને સતત ઈશ્વરના જ વિચારોમાં મગ્ન રહીને ધ્યાન દ્વારા અને આત્મસંયમનું પાલન કરીને અને તે સિવાય અનેકાનેક પ્રયત્નો કરીને જયારે આપણે આપણા મનને આપણી ઈચ્છાશકિતને સંયમમાં રાખીને આપણે એને પ્રાપ્ત કરીશું.

અત્ર તત્ર સર્વત્ર આપણે તેની ઉપસ્થિતિની અનુભૂતિ કરીશું-સૂર્યમાં, ઝરણાંમાં, જળમાં, આ આકાશમાં અને આપણી હદયગુહામાં.

**પ્રિયવદન બક્ષી**



# ગ્રહશાંતિ

આપણા જીવનમાં ઘણા પ્રસંગો આવતા હોય છે જેમ કે જન્મનો પ્રસંગ, જનોઈનો પ્રસંગ, લગ્નનો પ્રસંગ કે બાળજન્મનો પ્રસંગ. આવા ઘણાબધા નાનામોટા પ્રસંગોની ઉજવણી ઉમંગભેર થતી હોય છે. તેમાં લગ્ન એ પ્રસંગ છે સ્નેહ અને ઐકયનો આ પ્રસંગ વિવિધ વિભાગોમાં ઉજવાય છે. જેમાં ગણેશપૂજન, ઘંટી-સૂપડું, ગ્રહશાંતિ, સૂર્યપાઠ...વગેરે. એક પ્રસંગ વાર્તા સ્વરૂપે લખું છું.

રમણિકભાઈ અને શાંતાબેનને એક દીકરો અને દીકરી. દીકરા દિગંતનાં લગ્ન સંગીતા સાથે થઈ ગયેલાં. પુત્રી સ્નેહાનાં લગ્ન નકકી થયાં છે. આમ તો ગણેશપૂજન ગ્રહશાંતિ વગેરે સવારમાં જ હોય પરંતુ પ્રભાતે કોઈ ચોઘડિયું સારું ન હોવાથી સાંજે ચાર વાગ્યે આ માંગલિક પ્રસંગ રાખેલો. સગાસંબંધી આવી ગયા હતાં તે સર્વેનો ઉતારો બાજુના ફ્લેટમાં કરવામા આવેલો. ચા-નાસ્તો તથા જમવાનું પતાવી સર્વે ઉતારા ઉપર આરામ કરવા ગયા. સંગીતા વહુ તથા શાંતાબેન પણ કામ આટોપી આડાં પડયાં. રમણિકભાઈ સાંજની પૂજા માટે ફૂલ-હાર લેવા તથા કેટલીક પૂજાની વસ્તુઓ લેવા બજારમાં ગયા હતા.

લગભગ ત્રણેક વાગ્યે રમણિકભાઈ આવ્યા. ઘરની એક ચાવી તેમની પાસે હતી એટલે ઘર ખોલીને અંદર આવ્યા. સામાન રસોડામાં મૂકયો. જમવાની ઈચ્છા ન હતી એટલે ફ્રીજ ખોલ્યું વાટકીમાં થોડુક દૂધ હતું. એક કપ ચા થઈ જશે તેમ વિચારી પોતાને પસંદ કડક-મીઠી ચા બનાવી હોલમાં ચાની ચૂસકી લેતાં લેતાં છાપું વાંચવા લાગ્યા. વાંચતાં વાંચતાં આંખો બંધ થવા લાગી. ચા પીને કપ બાજુમાં મૂકી તેઓ ત્યાં જ સૂઈ ગયા

''આ ફ્રીજમાં થોડું દૂધ રાખ્યું હતું કયાં ગયું ?... અરે સાંભળો છો...બધા સૂતા છે ચાર વાગ્યાની તૈયારીની કોઈને પડી નથી.. ?'' મોટા ધાંટા સાંભળી દીકરોવહુ દોડી આવ્યાં રમણિકભાઈ પણ જાગી ગયા અને બોલ્યા,''શું થયું કેમ બૂમો મારે છે?'' સારું છે બધા સગાસંબંધીનો ઉતારો બાજુમાં છે ઘરમાં નહી. થોડો તો ખ્યાલ રાખ. ઘરમાં પ્રસંગ છે. રમણિકભાઈની વાત સાંભળી શાંતાબેન વધુ ભડકયાં..

''અરે ઘરમા મહેમાનના કારણે ચા-કોફી બન્યા કરે અને ધ્યાન ના રાખું તો સાંજે પંચામૃત માટે દૂધ વધે જ નહીં એટલે થોડું દૂધ મેં બાજુમાં મૂકેલું..કોણે વાપરી નાખ્યું? પૂછવું તો જોઈએને..ચાર વાગવાને કેટલી વાર છે હમણા આવશે''

રમણિકભાઈ સમજી ગયા કે પોતે બનાવેલી ચાના કારણે જ આ થયું..વાત વાળતાં શાણા થઈ તેઓ બોલ્યા,

''કાંઈ નહી તું ઘાંટા ન પાડ બધું થઈ પડશે વાપર્યું તો કારણ વગર નહી વાપર્યું હોય ને... ?''

''હં.. એટલે તમે વાપર્યું છે તેમ કહી દોને.. ?'' કહેતાં શાંતાબેન તાડૂકયાં..

''તો શું થયું..થાકેલો હતો તે ચા બનાવી પીધી. લઈ આવીશ, તારું દૂધ,પૂજા પહેલાં...

એમાં આટલી બૂમાબૂમ શું કામ કરે છે?'' રમણિકભાઈએ જવાબ આપ્યો. ક્રોધમાં હતા અને રમણિકભાઈએ છમકલું મૂકયું એટલે વધુ ગુસ્સામા શાંતાબેન બોલ્યાં,

''ગાંડી થઈ ગઈ છું ને એટલે ઘાંટા પાડું છું..''

કોઈને પડી જ નથી કે ચાર વાગ્યે પૂજા છે. તૈયારી કરવાની..દૂધ લેવા છેલ્લી ઘડીએ કોઈને દોડાવો રમણિકભાઈએ શાંતિથી જવાબ આપ્યો,

'' જો બધો સામાન તૈયાર છે તમે બધા તૈયાર થાઓ..બાળ-બચ્ચા સાથે સંગીતાને પણ વાર લાગશે અને તું પણ તૈયારી કર હું હમણાં જ દૂધ લઈ આવું છું તું બૂમાબમ ન કર''

''એટલે તમે કહેવા શું માંગો છો? હું કાંઈ

કરતી નથી.. ? તમે જ બધું કરો છો ? બહાર કોઈ જવાનું નથી સમજ્યા ? શાંતાબેનનો અવાજ વધુ ઊંચો થયો.

'સ્નેહા' પાર્લરમાં ગયેલી, દૂરવાજે ઉભેલી હતી. ''બધા કેમ બૂમો મારો છો.. ? બહાર સુધી અવાજ આવે છે..ઘરમાં પ્રસંગ છે..જરા ધીમેથી બોલો..શાંતિથી બોલો'' આટલું બોલી ત્યાં તો શાંતાબેનનો ગુસ્સો આસમાને પહોંચ્યો ''બસ હું જ ઝગડાળુ લાગું છું..હું જ ખરાબ છું કોઈને હવે મારી જરૂર નથી..''

બોલતાં બોલતાં તેઓ ડૂસકા ભરવા લાગ્યાં..ત્યાં જ દરવાજે મહારાજ આવેલા દેખાયા રમણિકભાઈ દૂધ લેવા ચાલ્યા ગયા..

શાંતાબેન રસોડામાં પૂજાની તૈયારી કરવા જવા લાગ્યાં. સંગીતા વહુ તૈયાર થવા ઉપર ગયાં દીકરી સ્નેહા ઊભી રહી અને વિધિની તૈયારી કરતા મહારાજને જોઈ સ્નેહા બોલી

''આ ગ્રહશાંતિ શું કામ કરવાની ?''

મહારાજે જવાબ આપ્યો

''બેટા આપણા પિતૃઓની શાંતિ કાજે અને નવે ગ્રહોની પૂજા કરવાની જેથી ગ્રહો નારાજ ન થાય અને તેમની કોપ દ્રષ્ટિ નવદંપતી પર ન પડે..ગ્રહોનું કોઈ જાતનુ નડતર ન રહે''

સ્નેહા બોલી

''મહારાજ એ ગ્રહો તો હજારો માઈલ દૂર છે પણ મનુષ્યને જે ગ્રહો નડે છે તે છે

''હઠાગ્રહ..દુરાગ્રહ..અનાગ્રહ..આગ્રહ''

મહારાજ પણ ખડખડાટ હસી પડયાં.

**નેહા દીપક આચાર્ય**



# રીત-રિવાજ (નીતિ-નિયમ)

રીત-રિવાજને કદાચિત નીતિ-નિયમ કહી શકાય!!! પરંતુ અહીં હું આપણાં 'રીત-રિવાજ' શબ્દને વળગી રહેવાનું પસંદ કરીશ.

રીતિ એટલે પ્રકાર, પદ્ધતિ, શૈલી, આચારસરણી, આચરવું, ઢબ વગેરે

જેના અંગ્રેજી શબ્દ : Method, Manner, Mode, Custom-Traditions, Style, Way, Vogue, Practice etc...

રીતિ વિધાન : Methodology - વિધિ

રીતિ એ સંસ્કૃત શબ્દ છે. જ્યારે રિવાજ ઉર્દુ શબ્દ છે. પરંતુ રીતિ અને રિવાજ બન્ને શબ્દનો અર્થ એક જ છે. રીતિ-રિવાજ શબ્દ સામાન્ય રીતે સાથે જ ઉચ્ચારાય છે. આ બન્ને શબ્દનું ઉચ્ચારણ એકસાથે બોલવાનું ચલણ મોગલ અને અંગ્રેજ (British) સમયથી પ્રારંભ થયેલ છે. 'રીતિ શબ્દ ઉપર જણાવ્યું તે પ્રમાણે સંસ્કૃત શબ્દ છે. અને વૈદિક અભિવ્યક્તિ (Expression) 'રીતમ્ ઉપરથી ઉતરી આવેલ છે. દા.ત. Rhythm, Rite, Right, Riti etc.

રિવાજનો અર્થ રૂઢિ, પ્રણાલિકા, વ્યવહાર અને તેનાથી આગળ વધીને કહું તો રિવાજ શબ્દને પરંપરા શબ્દમાં ઢાળી શકાય. પરંપરા એટલે એક પાર - આજનું જે જન્મ પહેલાથી થઈ ગયું છે. 'પરે' જે આપણને આપણાંથી વૃદ્ધ પેઢી પાસેથી પ્રાપ્ત થયું અને આપણાથી નાનામાં નાની પેઢીને પહોંચાડવાનું છે. પરદાદા અને પરદાદી, પરનાના અને પરનાનીથી લેવાનું અને પરપુત્ર અને પરપુત્રી, અને પરપૌત્ર અને પરપૌત્રીને આપવાનું અને તેથી પણ આગળની પેઢી દર પેઢી સુધી પહોંચાડવાનું.

From oldest par to youngest par – param. સંસ્કૃતિ એટલે પરંપરા. સૌથી વૃદ્ધ વડીલ પાસેથી લઈ સૌથી નાનામાં નાની પેઢીને સાંસ્કૃતિક વારસો પહોંચાડવો.. જેમાં કોઈ વસ્તુ અથવા પૈસાના વારસાની વાત નથી. પરંતુ સાંસ્કૃતિક ડહાપણના ખજાનાની વાત છે.

આપણી સંસ્કૃતિ, આપણા રીત-રિવાજ, આપણી જીવન પદ્ધતિ, આપણાં આચાર-વિચાર-ઉચ્ચાર અને આપણી જીવનશૈલીનાં વારસાની વાત છે. જેનાથી જીવન જીવવાની કલા શિખાય છે. (અને તે જો ઘરેડમાં સ્થિર થાય તો રૂઢિ બની જાય છે) જેનાથી સમાજમાં તમારો મોભો ઊપસી આવે છે અને જે વારસાને કારણે જીવનમાં અનેક કઠિન પ્રશ્નોના ઉકેલ સમજણપૂર્વક અને બુદ્ધિથી લાગણી સમેત લઈ શકાય છે.

આ સાંસ્કૃતિક વારસાની શૃંખલા પેઢી દર પેઢીને જોડતી કડી બનતી જાય છે. જો કે વચલી પેઢી આગળ - પાછળ પેઢીની જોડતી કડી સમાન હોય છે. આમાં જો ઢીલાશ આવે તો ધીરે ધીરે કરતાં આપણો એ સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો લુપ્ત થતો જાય છે. જેનાં કારણો અનેક હોઈ શકે. જેની ચર્ચા અહીં અસ્થાને કહેવાશે. પ્રત્યેક પેઢીએ ભૂત, વર્તમાન અને ભવિષ્ય પોતાની ફરજ સમજી આવો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો, રીત-રિવાજ, પરંપરાને જીવંત રાખવી જોઈશે. નહીં તો આ સઘળુંય ગ્રંથોમાં જ રહી જશે પરંતુ જીવનમાં જોવા મળશે નહીં.

ક્યારેક પરિસ્થિતિ, ક્યારેક મનોબળોનો અભાવ, ક્યારેક પારકો દેશ, પારકી સત્તા, સંસ્કૃતિવિરોધીઓનું રાજ્ય, ક્યારેક આપણી પોતાની ઉપેક્ષાને કારણે કે પછી કોઈ અગમ્ય કારણ પણ હોઈ શકે પરંતુ, પરિણામ એક જ આવશે : નષ્ટ થતી પરંપરા, રીત-રિવાજ અને આપણા સાંસ્કૃતિક વારસાને ખોવાનો / ગુમાવવાનો ગેરલાભ કોને? વારસો સમય, સ્થાન દેશ, અનુસાર અનુકૂળ થતાં બદલાતાં અવશ્ય રહે છે. પણ સ્થગિત થાય અથવા લુપ્ત થાય એ કદીપણ સાંખી લેવાશે જ નહીં.

ભાષા, ભેષ અને ભોજન એ સાંસ્કૃતિક વારસાનાં પ્રાણ સમાન છે. ભાષા, ભેષ (વેશ) ભોજન છોડ્યાં અથવા તેમાં છૂટછાટ આવે એટલે


તેનો અર્થ ધીરે ધીરે સઘળુંય લુપ્ત થવાનો આરો ઝડપથી આવી જાય છે. સાંસ્કૃતિક વારસામાં આગળ જોઈએ તો સંગીત, ગામઠી લોકકલા, ચિત્રકલા, નૃત્ય, સાહિત્ય ઈત્યાદિનો સમાવેશ થાય છે. જે આપણી નાગરી જ્ઞાતિના પ્રાણ સમાન છે.

ચાલો તો હવે વાત કરીએ આપણાં સંસ્કારની: આજે વ્યાસ સ્મૃતિ પ્રમાણે ૧૬ સંસ્કારનાં વિધાન માન્ય છે. ગૌતમ ધર્મસૂત્ર પ્રમાણે ૪૦ સંસ્કાર હતા અને અંગિરા સૂત્ર પ્રમાણે ૨૫ સંસ્કાર હતાં. પરંતુ આજે ૧૬ સંસ્કારમાંથી પણ મુખ્યત્વે લોકો ત્રણ જ સંસ્કાર મહત્ત્વના ગણી, બાકીનાં અન્ય સંસ્કારને યજ્ઞોપવિત અથવા લગ્ન સમયે આવરી લેવાનો ક્રમ સામાન્ય થઈ ચૂકેલ છે.

આજકાલ રીતિ-રિવાજ માત્ર ગામ-શહેર પ્રમાણે જ નહીં, પરંતુ, ઘરઘરના રિવાજ થઈ ગયા છે. બધાં જ સંસ્કાર માટે જે રીત-રિવાજ સામાન્ય - સમાન હોય તેને વર્ણવવાનો પ્રયત્ન કર્યો છે. છતાં સંભવ છે કે, કૌટુંબિક, પારિવારિક, પંરપરા પ્રમાણે વિધિ, રીત-રિવાજ અલગ હોઈ શકે. અહીં માત્ર Guideline જ આપી છે તેમ કહી શકાય. કોઈને કરવઠું પડ્યું હોય. કોઈને આજ રિવાજ બરાબર લાગતો હોય. કોઈને પરંપરા પ્રમાણે અથવા ચીલાચાલુ લાગે, તેમનાં ઘરમાં અમુક જ પ્રમાણે રીત-રિવાજ ચાલ્યા આવતા હોય છે. જે સામાન્ય રીતે દરેક કુટુંબ તે પ્રમાણે અનુસરે છે તેમાં કાંઈ ખોટું પણ નથી. આપણો મૂળ હેતુ આપણાં બાળકોને સંસ્કાર આપવાનો છે. વૈદિક સમયથી સંસ્કાર પ્રદાન કરવાની જ રીત-રિવાજની પરંપરા ઊતરી આવેલ છે તે માત્ર પરંપરા જ નથી પરંતુ વૈજ્ઞાનિક ઢબથી શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે તેનો અભ્યાસ કરી આપણાં ઋષિઓએ અને તત્પશ્ચાત્ આપણાં પરદાદા-પરદાદી, દાદા-દાદી, માતા-પિતા અને તેથી પણ આગળ પેઢી-દર-પેઢી પૂર્વેથી તેમને જાળવી અનુસરીને આજે આપણને તેની ભેટ આપેલી છે. હવે આપણું કર્તવ્ય બને છે કે, આપણો આ સાંસ્કૃતિક વારસો, આપણા રીત-રિવાજ, આપણી પરંપરાને, આપણી આગળની પેઢીને આપીશું, તો આપણે આપણાં વડવાઓનું ઋણ ચૂકવી શકીશું. તેનો મને સંપૂર્ણ વિશ્વાસ છે - ભરોસો છે.

મનુષ્ય જન્મથી સંસ્કારી હોતો નથી. પરંતુ, માતાના ગર્ભાધાનના સમયથી જ બાળકને સારા સંસ્કાર મળે, બાળક બાળક મટી માનવીનું પુખ્ત રૂપ ધારણ કરે તે પહેલાં તેને સંસ્કારી બનાવવું આવશ્યક છે. તે સંસ્કાર, સંસ્કારનું જ્ઞાન, તેનું સ્વરૂપ, તેના નીતિ-નિયમો રીતરિવાજ એ સઘળાંયનું જ્ઞાન બાળકનાં ગર્ભ સમયથી જ અપાય છે. જન્મ પશ્ચાત્ માતા સૌપ્રથમ ગુરુ બની તેનામાં સંસ્કારનું નિરૂપણ કરે છે. તત્પશ્ચાત્ શિક્ષક સંસ્કાર સીંચે છે. અને જીવનની શાળામાં સંસ્કાર દ્વારા ઘડાઈને પોતાનાં જીવનને ઉજાળે છે.

**અંજલી અંબરીષ પંડ્યા**
-નાગર સમાજના વિધિ-વિધાનનો દસ્તાવેજ
-(રીત-રિવાજ)માંથી સાભાર



**પાંચ શુભ મુહૂર્ત જેમાં શુભ કાર્ય માટે દિવસ અથવા પંચાંગ જોવાની આવશ્યકતા રહેતી નથી**

બેસતું વર્ષ : કારતક સુદ એકમ
વસંત પંચમી : મહા સુદ પાંચમ
ગુડી પડવો : ચૈત્ર સુદ એકમ
અક્ષય તૃતીયા : અખા ત્રીજ વૈશાખ સુદ ત્રીજ
વિજયા દશમી : આસો (અશ્વિન) સુદ દશમ

**કરવા અને ના કરવાયોગ્યની માહિતી**

૧. ઘરમાં બે શિવલિંગ, ત્રણ ગણેશ, બે શંખ, બે સૂર્ય, ત્રણ દુર્ગા મૂર્તિ, બે ગોમતી ચક્ર અને બે શાલિગ્રામની પૂજા રખાય નહીં. રાખવાથી ગૃહસ્થ મનુષ્યને અશાંતિ પ્રાપ્ત થાય.
૨. બાણલિંગ ત્રણેય લોકમાં પ્રખ્યાત છે, પરંતુ, તેમની પ્રાણ-પ્રતિષ્ઠા, સંસ્કાર અથવા આહ્‌વાન થાય નહીં.
૩. પથ્થર, કાષ્ઠ (લાકડું), સોનું અથવા અન્ય ધાતુઓની મૂર્તિની પ્રતિષ્ઠા ઘર કે મંદિરમાં કરી શકાય.
૪. ઘરમાં ચલ પ્રતિષ્ઠા અને મંદિરમાં અચલ પ્રતિષ્ઠા કરવી જોઈએ.
૫. તાજાં ફૂલોથી છિદ્ર રહિતનાં, પ્રોક્ષણ કરેલ અને જીવડાં રહિતનાં પુષ્પ વડે શિવપૂજન કરવું.
૬. પુષ્પ ના મળે તો પત્રથી અને પત્ર પણ ના મળે તો ફળ વડે શિવપૂજન કરવું.
૭. દેવને અર્પણ કરેલા, ડાબા હાથમાં રાખેલા, પહેરેલાં ધોતિયાં અથવા સાડીમાં મૂકેલા, જળમાં નાંખી ધોયેલા પુષ્પ પૂજનમાં વપરાય નહીં.
૮. જળ તાજું જ અને શુદ્ધ વાપરવું. નદી અથવી તીર્થજળ ક્યારેય વાસી ગણાય નહીં.
૯. પુષ્પ અને પત્ર ના મળે તો અન્ન, ચોખા-ઘઉં અથવા જવથી પૂજન કરવું.
૧૦. પત્ર-પુષ્પ આદિ અર્પણ કરવા સમયે પોતાની સન્મુખ અને સવળાં (સીધાં અને ચત્તાં) રાખી અર્પણ કરવા.
૧૧. માત્ર બિલ્વપત્રને જ પોતાની બાજુ અગ્ર કરી ઊલટું (ઊંધું) ચઢાવવું.
૧૨. શ્રી સદાશિવના તથા શ્રી સૂર્યના અર્ચનમાં શંખ વડે મહા-અભિષેક કરવો નહીં.
૧૩. ચર લિંગ હોય તો સ્નાન કરાવ્યા પશ્ચાત્ તેને શુદ્ધ વસ્ત્રથી કોરું કરી સ્વસ્થાને સ્થાપવું.
૧૪. સ્નાન કરાવતી વેળા ધૂપ, દીપ, નૈવેદ્ય, આભૂષણ અર્પણ કરતી વખતે અને આરતી વખતે ઘંટ આદિનો નાદ કરવો.
૧૫. ષોડશોપચારથી પૂજન થઈ શકે તેમ ના હોય તો : ગંધ, ચંદન, પુષ્પ, દીપ, ધૂપ, નૈવેદ્ય એમ પાંચ ઉપચારથી અથવા અભિષેક, નૈવેદ્ય અને નમસ્કાર (પ્રણામ) એમ ત્રણ ઉપચારથી પંચાક્ષર મંત્ર ૐ નમઃ શિવાય વડે પૂજન કરવું.
૧૬. અતિ અશક્ત વ્યક્તિથી અને સૂતક વગેરેમાં પૂજન ના થઈ શકે તેમ હોય તો ભાવયુક્ત પુષ્પાંજલિરૂપ એક ઉપચારે અથવા માનસ પૂજન કરવું.
૧૭. ૐ નમઃ શિવાય પંચાક્ષર મંત્રનો અહર્નિશ જાપ કરવો.

# વિહિત અને નિષિદ્ધ પત્ર-પુષ્પ

નાગરમાં વિશિષ્ટ રીતે પંચાયતનની પૂજા સમગ્ર વિધિ પર્યંત થતી હોય છે. પંચાયતનમાં પાંચ દેવોનો સમાવેશ થાય.

૧. ગણપતિ : બીજમંત્ર ૐ ગં ગણપતયે નમઃ
૨. શક્તિ : બીજમંત્ર ૐ દું દુર્ગાય નમઃ
૩. શિવ : બીજમંત્ર ૐ નમઃ શિવાય
૪. વિષ્ણુ : બીજમંત્ર ૐ નમો નારાયણાય નમઃ
૫. સૂર્ય : બીજમંત્ર ૐ હ્રીં સૂર્યાય નમઃ

**પ્રદક્ષિણા કોની-કેટલી કરવી ?**

ગણપતિની ત્રણ પ્રદક્ષિણા
શિવની અડધી પ્રદક્ષિણા
શક્તિની એક પ્રદક્ષિણા
વિષ્ણુની ચાર પ્રદક્ષિણા
સૂર્યની સાત પ્રદક્ષિણા

**ગણપતિ માટે વિહિત પત્ર-પુષ્પ :**

-શ્રી ગણેશજીને તુલસી સિવાય સઘળાંય પુષ્પ-પત્ર પ્રિય છે. ગણપતિને સફેદ અથવા લીલી દૂર્વા અતિ પ્રિય છે.

-દૂર્વાની ટોચ ઉપર ત્રણ અથવા પાંચ પત્તી હોવી આવશ્યક છે.

-ગણપતિને નૈવેદ્યમાં લાડુ (મોદક) અતિ પ્રિય છે.

**શક્તિ માટે વિહિત પત્ર-પુષ્પઃ**

-ભગવાન શંકરની પૂજામાં જે પત્ર-પુષ્પ ચઢાવાય તે સર્વે માને-દેવીમાને પણ પ્રિય છે.

-ભગવાન શંકરને જે પ્રિય નથી અથવા શંકર ભગવાનને ચઢાવવામાં જે પત્ર-પુષ્પ નિષિદ્ધ ગણાય તે પણ માને-દેવીને ચઢાવી શકાય.

-લાલ ફૂલ અથવા સફેદ ફૂલ અને સઘળાંય સુગંધિત પુષ્પ ભગવતીને પ્રિય છે.

-બેલા, ચમેલી, કેસર, શ્વેત લાલ પુષ્પ, શ્વેત (સફેદ) કમળ, પલાશ, તગર, અશોક, ચંપા, મૌલસિરી (બકુલ), કુંદ, લોધ્ર, કનેર (કરેણ), આકડો, શીશમ અને અપરાજિતા (શંખપુષ્પી) ઈત્યાદિ ફૂલોથી-પુષ્પથી દેવીની પૂજા થઈ શકે.

-શમી, અશોક, કર્ણિકા (અમલતાસ), ગૂમા, દોપહરિયા, અગત્સ્ય, મદન, સિન્દુવાર, શલ્લકી, માધવીની લતા, કુશની મંજરી, બિલ્વપત્ર, કેવડો, કદમ્બ, કમલ, ભટકટૈયા પણ દેવી ભગવતીને અતિપ્રિય છે.

**શક્તિ-દેવી-ગૌરી માટે વિહિત-નિષિદ્ધ પત્ર-પુષ્પઃ**

-આંક, મંદાર, દૂર્વા, તિલક, માલતી, તુલસી, ભંગરૈયા અને તમાલ દેવી ભગવતીની પૂજામાં વિહિત પણ છે અને નિષિદ્ધ પણ છે.

-તત્ત્વસાગર સંહિતાના કથન પ્રમાણે જ્યારે ઉપર જણાવેલ વિહિત પુષ્પ ઉપલબ્ધ ના હોય ત્યારે વિહિત-પ્રતિસિદ્ધ પુષ્પથી પૂજન કરી શકાય.

-પરંતુ માતાજીને દૂર્વા/દર્ભ/ધરો કદી પણ અર્પણ થાય નહીં.

**શિવપૂજન માટે વિહિત પત્ર-પુષ્પઃ**

-ભગવાન વિષ્ણુ માટે જે જે પત્ર-પુષ્પ વિહિત છે તે સઘળાંય પત્ર-પુષ્પ ભગવાન શંકરને પણ ચઢાવી શકાય.

-શાસ્ત્રોએ કેટલાંક પુષ્પ ચઢાવવાથી મળતાં પુણ્ય માટે તારણ/માપદંડ બતાવ્યાં છે જેમ કેઃ

એક આંકનું પુષ્પ ચઢાવવું ઇં ૧૦ સુવર્ણ નાગચંપો ચઢાવવાં.

એક કનેરનું પુષ્પ ચઢાવવું કે ૧૦૦૦ આકડાનાં પુષ્પ ચઢાવવાં.

એક બિલ્વપત્ર ચઢાવવું કે ૧૦૦૦ કનેરનાં પુષ્પ ચઢાવવાં

એક ગૂમા (દ્રોણ) પુષ્પ કે ૧૦૦૦ બિલ્વપત્ર ચઢાવવાં

એક ચિચિડો ચઢાવવો કે ૧૦૦૦ ગૂમા-દ્રોણ પુષ્પ ચઢાવવાં

એક કુશનું પુષ્પ ચઢાવવું કે ૧૦૦૦ ચિચિડાનાં પુષ્પ ચઢાવવાં

એક શમીનું પાન ચઢાવવું કે ૧૦૦૦ કુશનાં પાન ચઢાવવાં

એક નીલકમલ ચઢાવવું કે ૧૦૦૦ શમીનાં ચઢાવવા

એક ધંતૂરો ચઢાવવો કે ૧૦૦૦ નીલકમલ ચઢાવવાં

એક શમીનું પુષ્પ ચઢાવવું કે ૧૦૦૦ ધંતૂરા ચડાવવા

-છતાં પણ, અંતમાં શાસ્ત્રોએ એ પણ કહ્યું છે, બધાં જ પત્ર-પુષ્પમાં નીલકમલ સર્વશ્રેષ્ઠ છે.

-ભગવાન વેદ-વ્યાસના કથન અનુસાર કનેર, ચમેલી તેમજ મૌલસિરી (બકુલ) ફૂલ માત્ર સાંજની પૂજામાં જ ચઢાવાય છે. પાટલા, મંદાર, શ્વેત કમળ, શમીનાં ફૂલ અને ભટકટૈયા સાથે સાથે નાગચંપો અને પુનાંગ ચઢાવી શકાય તેમ નિર્દેશ કરેલ છે.

- આ ઉપરાંત કુરૈયા, કાસ, મંદાર, અપરાજિતા, કુબ્જક, શંખપુષ્પી, ચંપો, ખસ, તગર, નાગકેસર, પીળાં પુષ્પ, તુલસી, ગુલર, જયંતી, બેલા, પલાશ, કુસુમ્ભ પુષ્પ, કેસર, નીલકમલ, લાલકમલ, જળ-સ્થળમાં ઉત્પન્ન થતાં સઘળાંય સુગંધિત પુષ્પ શંકર ભગવાનને પ્રિય છે.

**શિવની પૂજામાં નિષિદ્ધ પત્ર-પુષ્પઃ**

-કદમ્બ, કેવડો, શિરીષ, તિન્તિણી, કોષ્ઠ, કૈથ, ગાજર, બહેડા, કપાસ, ગંભારી, પત્ર કંટક, સેમલ, અનાર, ધવ, કેતકી, કુંદ, જુહી, મદન્તી ઈત્યાદિ પુષ્પ ભગવાન શંકર ઉપર ચઢાવાય નહીં.

-કદમ્બ અને ચંપાથી ભાદરવા મહિનામાં ભગવાન શિવની પૂજા કરવાથી સઘળીય ઈચ્છા પરિપૂર્ણ થાય છે.

**શ્રી વિષ્ણુ પૂજનમાં વિહિત પત્ર-પુષ્પઃ**

-તુલસી શ્રી વિષ્ણુ ભગવાનને સવિશેષ પ્રિય છે. તુલસી અને તુલસી મંજરી તેમાં પણ શ્યામ તુલસી (કાળી તુલસી) કરતાં રામ તુલસી (ગોરી તુલસી) અધિક પ્રિય છે.

-કહેવાય છે કે, તુલસી દ્વારા પૂજિત કરાયેલ શિવલિંગ અથવા વિષ્ણુની પ્રતિમાનાં દર્શન માત્રથી જ બ્રહ્મહત્યાનું પાપ દૂર થાય છે.

-માલતી, મૌલસિરી (બકુલ પુષ્પ), અશોક, શેફાલિકા (કાલીનેવારી), બસંતીનેવારી (નવમલ્લિકા), આમ્રાત (આમળા), તગર, આસ્ફોત, બેલ, મધુમલ્લિકા, જૂહી (યુથિકા), અષ્ટપદ, સ્કંદ, કદમ્બ, મધુપિંગલ, પાટલા, ચંપા, હૃદ્ય, કેસર, લવંગ, અતિમુક્તક (માધવી), કેવડો, કુરબ બેલ (બિલ્વ), સંધ્યા કાળે ખીલવાવાળાં સફેદ કમળ (શ્વેત કમળ અથવા પોયણી), અડૂસા, શતપુષ્પા, ચમેલી (સુમનાઃ) કુંદ, કઠચંપા, બાણ ચંપા, અશોક, કનેર, જૂહી, પીળા રંગનાં સઘળાંય પુષ્પ, તગર આદિ ભગવાન વિષ્ણુને અતિ પ્રિય છે.

-પુરાણોએ બીજાં અન્ય પુષ્પ પણ બતાવ્યાં છે. જેમ કે : અગત્સ્ય, આમ્રમંજરી, યાવન્તિ, ધવ (ધાતક), વાણ (કાલી કટસરૈયા), બર્બર મલ્લિકા અને અડૂસા.

**વિષ્ણુ પૂજનમાં નિષિદ્ધ પુષ્પ :**

-આક, ધંતૂરો, કાંચી, અપરાજિતા (ગિરિકર્ણિકા), ભટકટૈયા, કુરૈયા, સેમલ, શિરીષ, ચિચિડા (કોશાતકી), કૈથ, લાંગુલી, સહિજન, કચનાર, બરગદ, ગૂલર, પાકર, પીપર, અમડા (કપીતન) તથા ઘેર રોપેલ કનેર અને દોપહરિયા ફૂલ પણ ભગવાન વિષ્ણુ માટે નિષિદ્ધ ગણાય છે.

-ભગવાન વિષ્ણુને અક્ષત પણ અર્પણ કરાય નહીં.

**સૂર્ય ભગવાનના પૂજનમાં વિહિત પત્ર-પુષ્પઃ**

-કનેર (કરેણ), બિલ્વપત્ર, પદ્મ (કમળ), મૌલસિરી (બકુલ), બેલા, પાટલા, કુશનાં પુષ્પ, શમીનું ફૂલ, નીલકમલ, કેસર, લાલ કનેર, માલતી, કાશ, માધવી, જપા, યાવન્તિ, કુબ્જક, કર્ણિકાર, પીલી કટસરૈયા (વાણ), બર્બર મલ્લિકા, અશોક, તિલક, લોધ, અરૂષા, અગત્સ્ય, અને પલાશ તથા દૂર્વા, નાગકેસર, મુકુર અને પુનાંગ સૂર્ય ભગવાનને પ્રિય છે.

-ફૂલ કરતાં પણ પુષ્પમાળા ચઢાવવાથી અનેકગણી પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

**સૂર્ય ભગવાનના પૂજનમાં નિષિદ્ધ પત્ર-પુષ્પઃ**

-ગુંજા (કૃષ્ણલા), ધંતૂરો, કાંચી, અપરાજિતા (ગિરિકર્ણિકા), ભટકટૈયા, તગર અને આમડા, સૂર્ય ભગવાનને ચઢાવાય નહીં.

-સૂર્ય ભગવાનને બિલ્વ પત્ર પણ અર્પણ કરાય નહીં.

**નોંધઃ** સઘળાંય પત્ર-પુષ્પનાં નામની યાદી બનાવવી કઠિન છે અને એક જ સ્થાન ઉપર બધાં જ પત્ર-પુષ્પ મળવાં પણ દુર્લભ હોય છે, માટે શાસ્ત્રોનાં માર્ગદર્શન અનુસાર : જે પત્ર-પુષ્પ નિષિદ્ધ શ્રેણીમાં નથી અને જે પત્ર-પુષ્પ રંગ, રૂપ અને સુગંધથી ભરપૂર હોય તે સર્વ પત્ર-પુષ્પ ભગવાનને ચઢાવી શકાય છે.

**(સંદર્ભઃ નિત્યકર્મ - પૂજા પ્રકાશ**
લેખકઃ પરમાચાર્ય પંડિત શ્રી રામભવન મિશ્ર
શ્રી લાલવિહારી મિશ્ર - ગીતા પ્રેસ, ગોરખપુર.)

# પ્યાલા છિડકે અપને કરમ કા

સુપ્રસિદ્ધ લેખક મોહમ્મદ માંકડ કહે છે તે સત્ય છે. પ્રાર્થના એટલે પોતાની જાતને પામવાનો સરળ માર્ગ **"SAINT MATTHEW IN THE GOSPEL – MAN SHALL NOT LIVE BY BREAD ALONE."**

આજના યુગમાં માનવી તાણમાં જીવે છે. અને તણાવમુક્ત થવું હોય તો આપણે સૌએ આપણા કર્મ ઉપર ધ્યાન દેવું અત્યંત જરૂરી છે. નસીબ ઉપર આપણો CONTROL નથી. પરંતુ આપણે આપણા કર્મ ઉપર તો ચોક્કસપણે નિયંત્રણ રાખી શકીએ. વાણી તેમજ વર્તનથી જો આપણે કોઈને હાનિ ન પહોંચાડીએ તો ઉત્તમ, પરંતુ જાણતાં-અજાણતાં આપણાથી કોઈવાર બીજાને દુઃખ પહોંચે છે.

માનવજીવન એટલે સંબંધોની કથા. માણસના સંબંધ માણસને પીડા પણ આપે છે અને રાહત પણ. માનવીના જીવનનાં બે મુખ્ય પાસાં છેઃ એક પાસું છે વ્યક્તિગત જીવનનું અને બીજું પાસું છે સમૂહજીવનનું. સમૂહજીવન એટલે સંબંધોનું જીવન. વ્યક્તિગત પાસામાં જો આપણે સારાં કર્મો કરશું તો સમૂહ જીવનમાં નિઃસંકોચ આપણને સારપ મળશે. “GOODNESS GENERALLY BEGETS GOODNESS” ખરાબ કર્મો કરનારને TEMPORARY જીતનો નશો મળશે. પરંતુ તેઓ જાણતાં નથી કે આ અલ્પ વિજય તેમના માટે જીવલેણ સાબિત થઈ શકે છે, કારણ **એક હાર સે કોઈ ફકીર, ઔર એક જીત સે કોઈ સિકંદર નહીં બનતા.** એક સામાન્ય માનવીને આખા દિવસમાં ૬૪,૦૦૦ વિચારો આવે છે. એમાં મોટા ભાગના લોકોને ૪૦૦૦ પોઝિટિવ અને ૬૦,૦૦૦ નેગેટિવ આવતા હોય છે. જ્યારે મગજમાં વિચારો આવતા હોય ત્યારે ત્યાંથી કેમિકલનો સ્ત્રાવ થતો હોય અને એની અસર શરીરના સેલ્સ પર થાય. એટલે જ કોઈ ખરાબ સમાચાર સાંભળવામાં આવે ત્યારે, મન ઉદાસ થઈ જાય અને સારા સમાચાર સાંભળવામાં આવે ત્યારે મન પ્રસન્ન થઈ જાય.

વિચારો શુભ અને પોઝિટિવ હોય તેનાં કર્મો પણ શુભ હોય અને શુભ કર્મોની અસર વ્યક્તિના વાણી, વ્યવહાર અને વર્તન ઉપર જણાય. એનું ATTITUDE પણ સારાં કર્મોને કારણે POSITIVE હોય, જે એની સફળતાનું કારણ બને. આનાથી વિપરીત જે માણસના વિચારો અશુભ હોય તેને જીવનમાં હતાશા સિવાય કાંઈ જ નથી મળતું. એટલે સમજવાનું એજ છે કે આપણને નડનાર કોઈ તત્વ હોય તો આપણાં પોતાનાં કર્મો છે. જેમ ચાલા વહી દેશ માં લતાજીએ રાગ હંસધ્વનિ રાગમાં ગાયું છેઃ


**કર્મ કી ગતિ ન્યારી સંતો**<br>
**મૂરખ કો તુમ રાજ દિયત હો,**<br>
**પંડીત ફિરત ભિખારી સંતો**

અંતમાં JOHN MILTON “PARADISE LOST” માં કહે છે.

“THE MIND IS THE SEAT OF HAPPINESS,<br>
IT CAN MAKE A HELL OF HEAVEN A HEAVEN OF HELL.

*(Partly derived from Jain Kranti)*

**ભદ્રાયુ વૈષ્ણવ**





DROP

Book-Post

**FROM : SHREE VADNAGARA NAGAR MANDAL, MUMBAI**
C/o. Kamlesh Vohra, 1502, Tulsibaug Co.op. Hsg. Soc.,
Ramdas Sutrale Marg, Opp. ICICI Bank, Borivali (W), Mumbai - 400 092.
Email : vnmmumbai@yahoo.co.in • Web.: www.shrivadnagaranagar.org